કિંમત : રૂા. ૨૫.૦૦

- વર્ષ દરમિયાન કુલ ૧૨ અંકો (છ અંક અને છ પુસ્તિકાઓ.)
- લવાજમ વર્ષ માટે વિકલ્પ : જુલાઈથી જુન કે જાન્યુઆરીથી ડિસેમ્બર.
- લવાજમ : વાર્ષિક રૂા. ૨૫૦/-    ૩ વર્ષ માટે રૂા. ૭૦૦/-
  ૫ વર્ષ : રૂા. ૧૨૦૦/-    આજીવન : રૂા. ૭૦૦૦/-
  વિદેશ લવાજમ : વાર્ષિક રૂા. ૧૨૫૦/-  ૫ વર્ષ માટે રૂા. ૬,૦૦૦/-

''વિચારવલોણું પરિવાર'' નું વાર્ષિક લવાજમ આપના વિસ્તારમાં આવેલી દેના બેંકમાં ડાયરેક્ટ જમા કરાવી શકો છો. (ચેક **''વિચારવલોણું પરિવાર''** ના નામનો લખવો, શાખાઃ **લો-કોલેજ રોડ, અમદાવાદ**, સેવિંગ્ઝ ખાતા નં. **૦૫૪૯૧૦૦૦૨૫૨૨**માં જમા કરાવવો) રકમ જમા કરાવ્યા બાદ તેની બેંકની અસલ રિસીપ્ટ વિચારવલોણું પરિવાર, અમદાવાદની ઓફિસમાં નીચે જણાવેલ સરનામે મોકલી આપવી.

ઈન્ટરનેટ બેકિંગ માટે અમારો **IFSC No. BKDN0110549** છે.

મનીઓર્ડર તથા બેંક ડ્રાફ્ટ દ્વારા પણ લવાજમ અમદાવાદની ઓફિસે મોકલી શકાય છે.

ઓફિસ સમય : ૧૧.૦૦ થી ૬.૦૦



**સ્થાપક :** **સુરેશ પરીખ**
આલાપ બંગ્લોઝ, સંજય સોસાયટી,
ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭
ફોન : ૦૯૭૨૬૩૬૬૭૦૪

**પ્રકાશક :** મુનિ દવે — ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭
**વ્યવસ્થાપક :** વિજય બરફીવાલા — ફોન : ૯૯૧૩૨૩૯૬૫૭
૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ઓક્ષફર્ડ ટાવર સામે,
ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
E-mail : vicharvalonun@yahoo.co.in
Web : www.vicharvalonu.com

**કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ :**
અનુરાજ ગ્રાફિક્સ, ૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ,
ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
ફોન : ૯૮૯૮૦ ૩૮૪૫૨

**મુદ્રણ :**
ગણેશ ઓફસેટ
શુભલાભ એસ્ટેટ, તાવડીપુરા,
શાહીબાગ, અમદાવાદ

**સંપાદક ગણ**

**તરુણ શાહ** — બી-૧/૯, અગ્રવાલ ટાવર્સ,
સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૧ — ફોન : ૯૪૨૬૩ ૮૩૦૦૮

**પ્રજ્ઞા પટેલ** — આત્મનૂ, ૧૬૮૭/૧, સેક્ટર-૨ ડી,
ગાંધીનગર-૩૮૨૦૦૨. — ફોન : (૦૭૯) ૨૩૨૨૮૮૩૩

**નિરંજન શાહ** — 'સ્મૃતિ', કલ્યાણ સોસાયટી,
મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ — ફોન : (૦૭૯) ૨૬૪૪૧૬૫૯

**મુનિ દવે** — ૮૦૪, સગુન પેલેસ, શિવરંજની ચાર રસ્તા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫ — ફોન : (૦૭૯) ૨૬૭૫૧૩૫૭


આવરણ : કલકત્તાની દુર્ગાપૂજા

## સંપાદકીય

સ્થળાંતર આજનો નહિ, વર્ષો જૂનો વિષય છે. આપણામાંથી કેટલા અમદાવાદ કે વડોદરા જેવા શહેરોમાં જન્મીને મોટા થયા, સ્થાયી થયા? વર્ષો પહેલાં આપણા કેટલાક સગાઓ મુંબઈ, કરાંચી, કલકત્તા, આફ્રિકા કમાવા ગયેલા અને ત્યાં જ સ્થાયી થયેલા. આ અંકમાં એવા લેખો છે જે આ વિષે આંકડાઓ આપે છે.

વિદેશી લોકો અને વસ્તુઓ પ્રત્યે આપણને પહેલેથી જ વિશેષ આકર્ષણ રહ્યું છે. આથી વિદેશ જવાનું આકર્ષણ હોય તે સહજ છે.

હમણા ફિલ્મ કળાકાર પરિક્ષિત સહાનીની રેડિયો મુલાકાત સાંભળી. તે રશિયા ભણવા ગયેલા અને પછી ત્યાં જ રહેવાનું મન બનાવી લીધેલું. પછીથી તેમને એ ભાન થયું કે તે ગમે તે કરે તો પણ રશિયન ક્યારેય નહીં લાગે. હંમેશા વિદેશી જ લાગશે. પછી ભારત આવીને વસ્યા. આવો અનુભવ મને એક મહિનો જર્મની રહેવા દરમ્યાન પણ થયેલો. આપણા ચામડીના રંગને કારણે આપણે એ સમાજમાં જુદા જ તરી આવીએ. વર્ષો રહ્યા છતાં આપણે એ સમાજમાં પરદેશી જ રહેવાના.

કાંકરીચાળાના જવાબમાં ઘણા લેખો આવ્યા છે. બધાને આ અંકમાં સમાવવા શક્ય નથી. હવે પછીના અંકોમાં સમાવીશું. લગભગ દરેકે દેશ છોડીને જવાને વ્યાજબી જ ગણાવ્યું છે. બહુમતી પ્રતિભાવ એવો રહ્યો કે 'પહેલા હું અને મારું કુટુંબ. પછી મારો સમાજ અને પછી મારો દેશ. આ મારી પ્રાથમિકતા'. આ સ્વાભાવિક જ છે.

બધા જ ને 'દેશદ્રોહી' શબ્દ તો બહુ આકરો લાગ્યો છે. બીજા માટે વાપરો તે ઠીક છે પણ આપણા માટે નહીં.

મને એ ન સમજાયું કે આપણે આ દેશમાં ભણ્યા, અહીં જ નોકરી કે વ્યવસાય કર્યો. શું આપણે આપણી ઈચ્છા મુજબની કારકીર્દિ નથી બનાવી? શું આપણને જોઈતી તકો નથી મળી? સાધન સંપન્ન નથી થયા? આપણા મા-બાપના સમય કરતા અનેક ગણી સુવિધાઓ નથી ભોગવી? આપણે શું ગુમાવ્યું? હા. એ વાત સાચી કે નોકરી શરૂ કરી પછી વીસેક વર્ષે મોટર લીધી. પણ એનું કોઈ દુઃખ કે હિણપત નથી ભોગવી. કદાચ આપણા સ્વપ્નાઓ ટૂંકા, નાના હશે એટલે થોડામાં રાજી થઈ ગયા અથવા આપણા આસપાસના સમાજની સરખામણીએ આપણે વધુ પામ્યા એનો સંતોષ હશે.



મુનિ દવે

એક વાત તો નક્કી છે કે દેશ સુધારવો હોય તો સરકારને વચ્ચે લાવ્યા વગર આપણે જ આપણી માનસિકતા, આગ્રહો, ટેવો બદલવા પડશે. છેલ્લા સાઠ વર્ષોમાં દેશ ઘણો બદલાયો છે. પણ યાદ રહે કે તમે કે હું ગુજરાતીમાંથી અમેરિકન બની શકીએ પણ ભારત ભારત જ રહેશે અને રહેવો જ જોઈએ. તે અમેરિકા કે કેનેડા કે ઓસ્ટ્રેલિયા બને તેવી અપેક્ષા ન રાખીએ.

## ૧. વિદેશમાં સ્થિર થતા ભારતીય વિદ્યાર્થીઓ અંગે

ચીમનભાઈ ચકુભાઈ શાહ

કેટલીક સંસ્થાઓ તરફથી હું દર વર્ષે લગભગ ૫૦થી ૬૦ હજાર રૂપિયાની લોન વિદેશમાં અભ્યાસ કરવા માટે જતા વિદ્યાર્થીઓને આપું છું. આવી રીતે લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓ અત્યાર સુધીમાં આવી ગયા છે. આ વિદ્યાર્થીઓમાં પણ હવે પાછા ન ફરવાવાળાની સંખ્યા વધતી જાય છે. અમેરિકા જતા વિદ્યાર્થીઓમાં એક હવા પેદા થઈ છે કે ભારત પાછા જવામાં કંઈ લાભ કે સાર નથી, મોંઘવારી બહુ છે, પગાર ઘણો ઓછો છે, નોકરી મળતી નથી, યુનિવર્સિટી, સરકાર અથવા ઉદ્યોગપતિઓનું વલણ ભણેલાંઓ પ્રત્યે સહાનુભૂતિભર્યું નથી, લાગવગશાહી બહુ છે વગેરે.

એ કારણોમાં વજૂદ નથી એમ તો ન જ કહેવાય. મોટો ખર્ચ કરી, મહેનત કરી, સારું જ્ઞાન અને અનુભવ મેળવી વિદ્યાર્થી પાછો આવે અને બે, ત્રણ કે તેથી પણ વિશેષ વર્ષો સુધી તેને યોગ્ય નોકરી ન મળે, ઠીક રીતે રહી શકે એવો પગાર ન મળે, તેના પ્રત્યે બીજાઓને આદર કે સહાનુભૂતિ ન હોય તો તે નિરાશ થાય તેમાં આશ્ચર્ય નથી. લાગવગશાહીને કારણે તેના કરતાં ઓછી લાયકાતવાળા મોટા પગાર મેળવતા હોય અથવા તેના ઉપરી અધિકારી હોય ત્યારે તેના સ્વમાનને આઘાત લાગે તે સ્વાભાવિક છે. દેશભક્તિથી ખેંચાઈ પાછા આવે ત્યારે પણ છેવટે રખડીને પાછા જાય છે. એશ-આરામની અપેક્ષા ન રાખવી એ ખરું છતાં દેશભક્તો અને નેતાઓ પણ એશઆરામ ભોગવતા હોય તો આ ઉપદેશની બહુ અસર ન થાય. હવે વળી એમ થયું છે કે કેટલાક ત્યાં જ લગ્ન કરી નાખે છે અથવા ભારત પાછા આવી મહિના-બે મહિનામાં લગ્ન કરી પત્નીને લઈને અમેરિકા જાય એટલે પાછા આવવાનું આકર્ષણ ઓછું થાય. તેમાં પણ પતિ-પત્ની બંને કમાતાં થાય - અને ત્યાં તે સરળ છે - તો ત્યાં રહી જવાની લાલચ વધારે થાય.

મને એક બીજો પણ અનુભવ છે. વિદ્યાર્થી જે દેશ જાય તેના પ્રત્યેનું આકર્ષણ થાય છે. અમેરિકા, બ્રિટન, જર્મની કે રશિયા ગયેલ વિદ્યાર્થીઓ તે દેશના પ્રશંસક થાય છે, અને ભારત સાથે સરખાવે ત્યારે ભારત પ્રત્યે આકર્ષણ રહેતું નથી. મને કેટલીક વખત આશ્ચર્ય થતું કે વિદેશી સરકારો, સંસ્થાઓ, ફાઉન્ડેશન વગેરે આપણા દેશના વિદ્યાર્થીઓને પોતાના દેશમાં અભ્યાસ અર્થે સારા પ્રમાણમાં સહાય કેમ કરે છે? શું આ માત્ર પરમાર્થવૃત્તિ જ છે? અનુભવે મેં જોયું કે આ એક સારું મૂડીરોકાણ છે. અમેરિકાથી

અભ્યાસ કરીને આવેલ વિદ્યાર્થી તે દેશનો પક્ષપાતી થાય છે. આપણા દેશમાં અમેરિકાની કાંઈ ટીકા થાય તો તે તેનાથી સહન નથી થતી. અમેરિકન જીવનપદ્ધતિ, આર્થિક વ્યવસ્થા, રાજકારણી વલણ, બધાંનો એ પક્ષપાતી બને છે. આ દેશમાં એક શિક્ષિત વર્ગ - આવી રીતે અમેરિકાનો ટેકેદાર ઊભો થાય છે. કેટલેક દરજ્જે બીજા દેશો વિશે પણ આવું બને છે. પણ અત્યારે મોટા ભાગે અમેરિકા માટે આ હકીકત છે. એવી જ રીતે સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળોની આવ-જા, આવા પ્રકારનાં માધ્યમો છે. આવી સંસ્થાઓ મારફતે જે ભારતવાસીઓને લાભ થાય છે તેઓ તે તે દેશના પ્રશંસક બને છે.

આનો ઉપાય શો? કેટલાક એવા મતના છે કે વિદ્યાર્થીઓને વિદેશ મોકલવા જ નહિ. તે ભારતીય મટી જાય છે, તેના સંસ્કારો પલટાઈ જાય છે, તે ભારતનો ટીકાકાર અથવા વગોવનાર બને છે અને તેમાં અંતે ભારતને લાભ કરતાં હાનિ વધારે છે. હું હજી આ મતનો નથી. એક તો આપણે બધાને જતા અટકાવી શકીશું નહિ. તેમ કરવું યોગ્ય પણ નથી. ભારતમાં અત્યારે શિક્ષણનું જે ધોરણ છે અને સાધનો છે તે - ખાસ કરીને વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે - ઘણાં અપર્યાપ્ત છે અને દેશના યુવકોને એવા જ્ઞાનથી વંચિત રાખીએ તેમાં લાભ કરતાં હાનિ વધારે છે. ભારતીય સંસ્કાર વિદેશ જઈને જ ગુમાવીએ છીએ તેમ નથી. દેશમાં પણ શું ચાલી રહ્યું છે? દુનિયાભરમાં જે પવન વાય છે તેનાથી બચવા માટે, યુવકોને વિદેશ ન મોકલવા તે ઉપાય નથી, પણ સાચા સંસ્કાર તેનામાં સીંચવા તે સાચો ઉપાય છે. આપણા દેશમાં રહેલ યુવક-યુવતીઓમાં પણ કેટલું બધું પરિવર્તન થઈ રહ્યું છે! ભારતીય સંસ્કાર કે સંસ્કૃતિ વાડાબંધીથી નહિ બચે. આપણા જીવનમાં તે ઊંડા ઊતર્યા હશે અને તેની સમજણ અને કિંમત હશે તો જ ઊગતી પેઢીમાં તે ટકશે. હું એવી આશા રાખું કે આપણે ત્યાં શિક્ષણનું ધોરણ અને સાધનો એટલાં વિકસે કે વિદ્યાર્થીઓને વિદેશ મોકલવાની જરૂર ન રહે. બીજું, ખરેખર લાયકાત ન હોય એવાઓને મોકલવા નહિ. અહીં જે વિષયોનું શિક્ષણ ઉપલબ્ધ ન હોય તેવા શિક્ષણ માટે જ મોકલવા.

બીજું, જે કારણોએ વિદ્યાર્થીઓને વિદેશ રોકાઈ જવાનું મન થાય છે તે કારણો દૂર કરવા પ્રયત્નો કરવાં. તેમને લાયક નોકરી મળે, યોગ્ય પગાર મળે, તેમનો આદર થાય, તેમનું સ્વમાન સચવાય એવી પરિસ્થિતિ થવી જોઈએ. યુનિવર્સિટી, સરકાર, ઉદ્યોગપતિઓ અને સમાજ - બધાંએ આવું વાતાવરણ સર્જવામાં ફાળો આપવાનો રહે છે. આપણે આ બાબતમાં સજાગ છીએ પણ સક્રિય પગલાં લેવાયાં નથી. આવા શિક્ષિતો માટે સરકારે પગારનું લઘુત્તમ ધોરણ નક્કી કરવું જોઈએ અને એવો પગાર તેમને મળે તેની ઉદ્યોગોને ફરજ પાડવી જોઈએ. શિક્ષિતોનું શોષણ થવું ન જોઈએ. અત્યારે મોટી કંપનીઓમાં ટોચના અધિકારીઓને મોટા - ઘણા વધારે પડતા

પગારો મળે છે, જ્યારે બીજા વર્ગોના પગારનું ધોરણ ઘણું નીચું છે. ઘણી અસમાનતા છે, જેને કારણે ભારે અસંતોષ થાય છે. જીવનધોરણમાં પણ ઘણી અસમાનતા છે. પૈસાવાળા થાય છે તે પૂરા એશઆરામમાં રહે છે, જ્યારે શિક્ષિતને રહેવાલાયક જગ્યા પણ નથી મળતી. નેતાઓએ આ બાબતમાં સારાં ઉદાહરણો પૂરાં પાડ્યાં નથી. આ અસમાનતા ઝડપથી ઘટવી જોઈએ.

આ બધું કહ્યા પછી પણ એ સ્વીકારવું રહ્યું કે આ પરિસ્થિતિ પલટાતાં સમય જશે. તે દરમિયાન શું? મારો એક દૃઢ મત છે. કાંઈક વધારે પૈસા કમાવા અથવા વધારે સુખ-સગવડનાં સાધનો મેળવવા માટે જ કોઈ વ્યક્તિ પોતાનું વતન, પોતાનો કુટુંબકબીલો ત્યજી કાયમ માટે પરદેશી થાય એ કલ્પના મને અસહ્ય છે. પરદેશ રહી એ ત્યાં પણ વિદેશી જ રહેવાનો. સાત પેઢી સુધી પણ ત્યાંના સમાજનું અંગ તે નહિ બની શકે. પેઢી-દર-પેઢી વિદેશમાં વસેલ હિંદીઓના આજે જે હાલ છે તે તેમના અને તેમનાં કુટુંબના થવાના. સુખ મેળવવા જ જો ભારત છોડી વિદેશમાં કાયમ વસવાટ કરતા હોય, તો સુખી નહિ થવાના એમ હું માનું છું. સુખ કોને કહેવું? હું માનું છું કે ભારતમાં મુશ્કેલીઓ હોય, પૂરાં સુખ-સગવડ ન હોય, તો પણ આવા વિદ્યાર્થીઓ કાયમ માટે પોતાનું વતન છોડે તેમાં તેમનું કલ્યાણ નથી. જીવનધોરણનો બહુ ઊંચો ખ્યાલ કદાચ છોડવો પડે. સાદાઈ અપનાવવી પડે. અત્યારના વાતાવરણમાં આમ કરવું સહેલું નથી, પણ બીજો ઉપાય નથી. થોડા સમય માટે, અભ્યાસ પૂરો કરી, અનુભવ મેળવવા અથવા થોડી રકમ અહીં આવતા પહેલાં ભેગી કરવા વિદ્યાર્થી ત્યાં કામ કરે તેમાં કાંઈ વાંધો ન હોય, પણ પોતાના સંતાનને કાયમ માટે ગુમાવવા કોઈ મા-બાપ કે સમાજ ઈચ્છે નહિ. તેમ થાય તો આવું શિક્ષણ નથી જોઈતું એવી લાગણી પેદા થશે.

મારો બીજો પણ અનુભવ છે. આવા ઘણાં વિદ્યાર્થીઓ પાછા આવ્યા છે. તેમને શરૂઆતમાં મુશ્કેલીઓ પડી છે, પણ અંતે ઠીક ઠીક થાળે પડ્યા છે. કેટલાક સારું કમાયા છે, સારા ઉદ્યોગો ઊભા કરી શક્યા છે અને અંતે દુઃખી નથી થયા. અધીરા થવાની જરૂર જ નથી. થોડો વખત અપમાનજનક સ્થિતિ લાગે, મૂંઝવણ થાય, ભીડથી રહેવું પડે, તો પણ છેવટે પ્રમાણમાં અસંતોષકારક નહિ એવું સ્થાન મળી રહેશે. થોડી હિંમત પણ જોઈશે. મોટાં શહેરોમાં જ રહેવાની લાલચ છોડી, નાના ઉદ્યોગોમાં પડવું પડશે. સરકારે પણ ઘણી યોજનાઓ કરી છે. તેના અમલમાં વિલંબ થાય છે. લાગવગ છે, અમલદારશાહી છે, બધું ખરું, પણ એક પ્રમાણિક પ્રયત્ન પણ છે.

વિદેશમાં વસતા વિદ્યાર્થીઓએ આ બધું જાણવું જોઈએ, સમજવું જોઈએ. અત્યારે વિપરીત હવા પેદા થઈ છે, તેને પલટાવવી જોઈએ. જે વિદ્યાર્થીઓને વિદેશ મોકલીએ તેમને આ બધું સમજણપૂર્વક કહેવું જોઈએ. પછી કેટલાક ખોટા રૂપિયા નીકળે તો તેમનું નસીબ.

('સમયચીંતન'માંથી, પ્રકાશક - જૈન યુવક સંઘ, મુંબઈ)

# ૨. વિદેશ જવાની પ્રબળ ઈચ્છા

## ટાઈમ્સ ઓફ ઈન્ડિયા

'ઈન્ડિયા શાઈનીંગની સામે એક વિરુદ્ધનું ચિત્ર ઊભું થાય છે. વધારે ને વધારે સંખ્યામાં નોકરિયાતો, જો તક મળે તો દેશની આકર્ષક નોકરી છોડીને તરત જ ન્યુયોર્કની ફ્લાઈટ પકડવા ટાંપીને બેઠા છે. ભારત વિશ્વ બજારમાં પોતાનું કદ વધારતું હોવા છતાં છેલ્લા પાંચ વર્ષમાં વિદેશનું આ આકર્ષણ વધ્યું છે.

રેન્ડસ્ટેડના છેલ્લા અભ્યાસ મુજબ : જવાબ દેનારા લોકોમાંથી ૮૫% વિદેશમાં નોકરી કરવા ઉત્સુક છે. જેમાં ૮૮% સ્ત્રીઓ છે અને ૮૩% પુરુષો છે. ૨૦૧૧માં કરેલા આવા જ અભ્યાસમાં ૭૪% લોકોએ વિદેશમાં જવા માટે પોતાની ઈચ્છા દર્શાવેલી. પાંચ વર્ષમાં વિદેશ જવા ઉત્સુક નોકરિયાતોમાં ૧૧% નો વધારો નોંધાયો છે.

ઉંમરના હિસાબે જોઈએ તો ૧૮-૨૫ વર્ષના ૮૧% લોકો, ૨૫-૩૪ વર્ષના ૮૨% લોકો, ૩૫-૪૪ વર્ષના ૯૨% લોકો અને ૪૫-૫૪ વર્ષના ૭૯% લોકો વિદેશમાં જવા ઉત્સુક છે.

૮૫% લોકો યોગ્ય કામ મળે તો વિદેશની મુસાફરી પસંદ કરે. ૯૮% લોકો જો તેમના હાલના કામોની ગુણવત્તા સુધરે તો વિદેશની મુસાફરી કરવા તૈયાર છે. ૬૦% લોકો માને છે કે વિદેશની મુસાફરીને કારણે તેમના અંગત જીવન પર દબાણ વધે છે. ૮૭% લોકો વિદેશની મુસાફરી કરવા મળે તેવી નોકરી પસંદ કરે છે.

તો, હજુ પણ વિદેશમાં જવાની આવી ઘેલછાનું કારણ શું?

ટફ યુનિ.ની ફ્લેચર સ્કૂલના ડીન ભાસ્કર ચક્રવર્તીના કહેવા મુજબ વિશ્વભરમાં આર્થિક મંદીનો દોર ચાલુ છે. તેમાં આજના ઊભરતા બજારો પણ સામેલ છે. ભારતની આર્થિક સ્થિતિમાં ભાગ્યે જ જોવા મળતા વૃદ્ધિના વિસ્ફોટ છતાં તે આવો સધિયારો નથી આપતી કે આ સ્થિતિ ચાલુ રહેશે અને નવા રોમાંચકારી કામો કરવાની તકો ઊભી થશે. આના વિકલ્પે લોકો પોતાના ઘરની બજાર છોડીને બીજા બજાર તરફ નજર માંડે છે. એ આશાએ કે ગમે તોયે એ તરફ ઘાસ લીલુ હોવાની શક્યતા વધારે છે.''

બીજું કારણ એ છે કે વ્યાપાર હવે આંતરરાષ્ટ્રીય બની ગયો છે અને દેશની બહાર નવી બજારોમાં કેટલીક અદ્‌ભુત તકો ખૂલતી જાય છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી પણ લોકોને દેશની બહારની દુનિયા તરફ જાગૃત કરતી જાય છે. આથી સ્વાભાવિક રીતે જ તે એ વિસ્તારોમાં કામ કરવા જવાની આકાંક્ષા ઊભી કરે છે.

ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ (ISB) ના માર્કેટીંગના પ્રોફેસર સિદ્ધાર્થ શેખર સીંઘના કહેવા મુજબ : પહેલાના સમયમાં વધારે કમાણી અને વધારે સારા જીવન ધોરણ માટે વિદેશ

જવું ઈચ્છનીય હતું કારણ કે ભારતમાં મર્યાદિત તકો હતી. જો કે હવેનું ભારત જુદું જ છે પણ જૂની માન્યતાઓ હજુ ચાલુ જ છે અને તેને બદલતા સમય લાગશે. તે પણ નોંધવું જોઈએ કે કંઈ દરેક લોકો વધુ કમાવા માટે પરદેશ જવા નથી માગતા. વધારે સારી જીવનશૈલી, બધા માટે સમાન તકો અને ગુન્હાઓનો ઓછો દર, એ પણ કારણો છે. અને આ ભારત માટે ચિંતાનો વિષય રહેવાનો છે. ઉપરાંત, આ વૈશ્વિક બજારમાં ઘણા લોકો એવું માને છે કે વિદેશના અનુભવ સાથે ભારતમાં કામ કર્યાના અનુભવનું મિશ્રણ વધારે સારી તકોનું નિર્માણ કરશે. આ કારણે વિવિધ કંપનીઓને પણ એવી સલાહ આપવામાં આવે છે કે જો તેમણે તેના વ્યાવસાયિકોને જાળવી રાખવા હોય તો વૈશ્વિક વાતાવરણ ઊભું કરવું પડશે. જૂનું પદશ્રેણી આધારિત માળખું આજના વૈશ્વિક મેનેજરને આકર્ષતું નથી.

રેન્ડસ્ટેડના CEO મૂર્થી કે. ઉપ્પાલુરીના કહેવા મુજબ : એવું દેખાય છે કે પિરામિડની ટોચના લોકો ભારતમાં પાછા આવવા માગે છે જ્યારે પિરામિડના નીચેના ભાગના લોકો વિદેશમાં કામ કરવા જવા માગે છે. પિરામિડના ટોચના લોકો કરતા પાયાના લોકોમાં વધારે ઊંચી અપેક્ષાઓ છે. તેઓ વધારે મેળવે છે કારણ કે તેમને વધારે સારો અનુભવ, શિક્ષણ અને આર્થિક લાભો મળે છે.

વર્ષો દરમિયાન, જેમ જેમ ભારતીય બજારો ખુલતા જાય છે અને સર્વિસ સેકટર વધારે ઝડપથી વિકસતું જાય છે, તેણે ભારતીય મેનેજરો માટે વધારે સારા કામોની તકો ઊભી કરી છે. એવો પણ સમય છે જ્યારે ઉંધી પ્રક્રિયા શરૂ થઈ છે - ભારતીય મેનેજરો દેશમાં પાછા ફરી રહ્યા છે - ખાસ કરીને IT અને નાણાં ક્ષેત્રમાં.

જે કેટલાક ખાસ ક્ષેત્રો છે જે ભારતીય મેનેજરોને આકર્ષી રહ્યા છે તે છે IT, એકાઉન્ટિંગ, નાણાંકીય સેવાઓ, કન્સલ્ટિંગ, આરોગ્ય અને ઓઈલ તથા ગેસ. IT ક્ષેત્રમાં ટેકનિકલ વ્યવસાયિકો દેશમાં તેમના સમાન કર્મચારીઓ જે પગાર મેળવે છે તેના કરતા વિદેશમાં બે થી ચાર ગણો પગાર મેળવે છે. જો કે ખરીદશક્તિની સરખામણીમાં આ તફાવત ખાસ્સો ઓછો છે.

(૨૫મી જુલાઈનું 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા')

## ૩. વિકસતી અર્થવ્યવસ્થામાં બ્રેઈન-ડ્રેઈનના કારણો - અસરો

બ્રેઈન-ડ્રેઈન, શિક્ષણની ભાષામાં જેને 'માનવ મૂડીની ઊડાન' (human capital flight) કહેવાય છે તેની વ્યાખ્યા છે : આર્થિક રીતે પછાત વિસ્તારોમાંથી ઉચ્ચ શિક્ષણ પામેલા, કુશળ અને પ્રતિભાવાન લોકોનું ધનવાન અને વિકસિત દેશો તરફ મોટા પાયે સ્થળાંતર.

તેના કારણો વિવિધ હોય, જેવા કે : તોફાનોની પરિસ્થિતિ, રાજકીય અસ્થિરતા, તકોની અછત, વિગેરે.

વિશ્વસ્તરે બુદ્ધિજીવીઓનું સ્થળાંતર તે માનવ સભ્યતા જેટલી જ જૂની વાત છે. બ્રેઈન-ડ્રેઈન શબ્દની શરૂઆત ૧૯૬૦માં થઈ. જ્યારે મોટાભાગના વિજ્ઞાનીઓ અને એન્જિનિયરો જેવા બુદ્ધિજીવીઓ, જેને દેશની અસલ મૂડી અથવા દેશનું ભવિષ્ય કહેવાય, તે યુનાઈટેડ કિંગ્ડમથી અમેરિકા જતા રહ્યા.

વધુ સારી કામની પરિસ્થિતિની આશાએ થતા બ્રેઈન-ડ્રેઈનનો આ અણઉકેલ કોયડો આખા વિશ્વનો છે. જેમાં સામેલ છે ખાડીના દેશો, આફ્રિકાના દેશો, સોવિયેટ રશિયા જેવા સામ્યવાદી દેશો. જેમાં વ્યક્તિની કુશળતાને પગાર સાથે કોઈ સંબંધ નહોતો. આ પરિસ્થિતિ ૧૯૬૦ સુધી બહુ આકરી નહોતી, પણ જ્યારે બહુ મોટી સંખ્યામાં લોકોનો પશ્ચિમ જર્મની અને ઉત્તર અમેરિકા તરફ બહુ મોટો ધસારો થયો ત્યારથી આ વાત નજરે ચડી.

મૂળ પ્રશ્ન એ છે કે શા માટે સ્થળાંતર થયાં? વિકસીત દેશો પ્રત્યે આટલું આકર્ષણ શા માટે? શા માટે પ્રતિભાવાન લોકો અને ઉત્તમ દિમાગવાળા લોકો પોતાના દેશો છોડી દે છે? વિકસતા દેશો આ સ્થળાંતરની કેટલી કિંમત ચૂકવે છે? કઈ નીતિઓ અપનાવવી કે જેથી વિકસતા દેશો તરફથી વિકસીત દેશો તરફ જવાની આ દોટ અટકે?

આપણે કેટલાક મહત્ત્વના પ્રશ્નો જોઈએ અને તેના ઉપાય વિશે વિચારીએ.

**બ્રેઈન-ડ્રેઈન ક્યારે અને કેવી રીતે થયું અને તેની ઝડપ ક્યારે વધી?**

મુક્ત અર્થવ્યવસ્થા અને વૈશ્વિકીકરણની સુનામી, એ તક શોધતા લોકો માટે સોનેરી સમય હતો અને તેઓને સારું જીવન જીવવા અને જીવનના દરેક ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તા લાવવામાં આ સમયે મહત્ત્વનો ભાગ ભજવ્યો. વૈશ્વિકીકરણે એક મોટા માનવ સમૂહ માટે બારી ખોલી આપી જેના દ્વારા તેઓ આર્થિક રીતે સમૃદ્ધ અને વિકસીત દેશોમાં પોતાનું દિમાગ વાપરી શકે, નામ કમાઈ શકે અને ઉચ્ચ વળતર મેળવી શકે.

વૈશ્વિકજગતને ધ્યાનમાં રાખીને 'મારો દેશ-પ્રદેશ'ની વિચારધારાની વિરુદ્ધ OECD દેશોએ પ્રવેશ માટેની પોતાની પસંદગીની નીતિઓ ધીમે ધીમે લાગુ કરી, મજબૂત કરી અને તે રીતે ઉત્તમ દિમાગોને આકર્ષી તેમના દ્વારા નવીન વિચારો વિકસાવ્યા અને વિકસીત દેશો માટે તેનો ઉપયોગ કર્યો. આનાથી વિકસતા દેશોને ભારે નુકશાન થયું કારણ કે તેમની મહત્વની મૂડીને વિકસીત દેશોએ કાયદેસર રીતે ચોરી લીધી. તેની કિંમત વિકસતા દેશોએ પ્રગતિ અને વિકાસના માર્ગે પાછળ પડીને ચૂકવી.

મહાસત્તાઓની ગુલામીમાંથી ઘણા દેશો મુક્ત થયા બાદ આ રીતની નિકાસ વિકસતા અને વિકસીત દેશો વચ્ચે થઈ. ૧૯૮૦માં ઓસ્ટ્રેલિયા અને કેનેડા આવા કુશળ અને શિક્ષિત દિમાગોને આકર્ષવામાં વિશ્વસ્તરે હરિફાઈમાં હતા. તેઓએ

વિકસતા દેશોના લોકો પોતે ઉતરતા હોવાના માનસને ધ્યાનમાં લઈને તેમની પાસે કશું નથી એનું ભાન કરાવ્યું અને તેની સામે વિકસીત દેશોમાં તકોની, ત્યાંના સ્વસ્થ અને શાંત સમાજની એવી રીતે જાહેરાતો કરી કે જાણે ત્યાં ધરતી પરનું સ્વર્ગ હોય.

નવી શોધોના યુગમાં પ્રગતિ અને વૈશ્વિકીકરણના આંકડાઓએ નવા મુક્ત આર્થિક વ્યવસ્થામાં છેલ્લા ત્રણ દાયકામાં આયાત નિકાસનો દર વધારી દીધો. તેના કારણે સ્થળાંતરનો વેગ એકદમ જ વધી ગયો, ખાસ તો બુદ્ધિજીવીઓના સ્થળાંતરનો. યુનાઈટેડ નેશન્સે વિશ્વના વિવિધ દેશોમાંના બ્રેઈન-ડ્રેઈન વિષય પર ઘણા શોધ પેપરો રજૂ કર્યા.

દેશ છોડીને જનારાઓમાં IT વ્યવસાયિકો, એન્જિનિયરો, ડૉકટરો, વિજ્ઞાનીઓ અને અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓ છે. આને કારણે મૂળ દેશના નાગરિકો પોતાની સ્વદેશ ભાવના, નૈતિકતા અને નીતિમત્તાની લાગણીઓ ગુમાવતા રહ્યા છે કારણ કે તેઓ હકીકતે વસ્તુઓ (મોટર, એ.સી., સોફાસેટ, ટી.વી. વિ.) આધારિત જીવન જીવવાના વિચારોથી ગ્રસ્ત છે અને વિકસતા દેશના અંધકારમાં તેમને વિકસીત દેશોની વધુ સારી, ઝગમગતી તકો લોભાવે છે.

**વિકસતા દેશોના વધતા જતા બ્રેઈન-ડ્રેઈનના કારણો :**

વિકસતા દેશ તરફથી વિકસીત દેશ તરફ વહેતો બ્રેઈન ડ્રેઈનનો પ્રવાહ હોવાના ઘણા કારણો છે. પ્રાદેશિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક દેશાંતરનો પ્રવાહ દર સેંકડે વધી રહ્યો છે. સ્થળાંતર કરવાના કારણો પ્રદેશે પ્રદેશે જુદા હોય છે. જેવા કે, યુદ્ધ, તોફાનો, રાજકીય અસ્થિરતા, આરોગ્યનો ખતરો, ક્ષમતા મુજબ તકોની અછત, જીવન જરૂરી સગવડોનો અભાવ, વિગેરે.

સૈદ્ધાંતિક રીતે વિચારતા સ્થળાંતર કરવાના મુખ્ય બે કારણો દેખાય છે. બુદ્ધિજીવીઓ અને કુશળ કારીગરો પોતાના દેશમાંથી સ્થળાંતર કરે છે તેને 'ધક્કો' (push factor) કહેવાય. તેને સમાંતર અથવા વિરુદ્ધ કારણો હોય છે જે તેમને અન્ય દેશ પ્રત્યે ખેંચે છે તેને 'ખેંચાણ' (pull factor) કહેવાય.

**'ધક્કો' (push factor) :**

● નીચું જીવનધોરણ, વાહનવ્યવહારનો અને રહેઠાણનો અભાવ ● કુશળ અને અર્ધકુશળ માણસોનો યોગ્ય ઉપયોગ ન થવો, કામ કરવા માટે અપૂરતી સુવિધાઓ, ખાસ વિકાસનું આયોજન નજરે ના પડવું ● ઓછા અને વધુ ને વધુ ઘટતા જતા પગારો કે મજૂરીના દર ● પસંદગીમાં અને બઢતીમાં ભેદભાવ ● સામાજિક અંજપો, રાજકીય અસ્થિરતા, તોફાનો અને યુદ્ધ ● શોધસંસ્થાઓ અને સાથે સહયોગી સાથીઓનો અભાવ, શોધ માટે મર્યાદિત રકમ, વ્યવસાયિક સાધનોનો અને ઓજારોનો અભાવ ● પગારમાં ભેદભાવ, સારું કામ કરવા માટેના પ્રોત્સાહનનો અભાવ ●

વહીવટમાં અપારદર્શિતા ● સ્વતંત્રતા અને મુક્ત વાતાવરણનો અભાવ ● શૈક્ષણિક પદ્ધતિની ઉત્કૃષ્ટતામાં સતત ઘસારો ● સ્વતંત્ર વ્યવસાય કરવા માટેની મૂડીનો અભાવ.

**ખેંચાણો (pull factor) :**

● અતિ આધુનિક જીવન સ્તર ● નોકરીની અપાર તકો ● વધુ આવક અને ઊંચા પગાર ધોરણો ● શોધ માટે વિપુલ સાધનો, વિશિષ્ટ અને પ્રગતિશીલ ટેકનોલોજીનો ઉપયોગ, પ્રયોગશાળામાં આધુનિક સાધનો અને સગવડતાઓ, કુશળ અને અનુભવી માનવ સહયોગની સહજ ઉપલબ્ધિ ● કામ કરવા માટે સારી પરિસ્થિતિ, વિકાસ માટે અપાર તકો ● આધુનિક શૈક્ષણિક યોજનાઓ અને વિદેશી તાલીમને ઊંચી પ્રતિષ્ઠા ● રાજકીય સ્થિરતા અને વિદેશીઓને માટે સલામતીની નીતિ ● આવડતની નોંધ લેવાય, પારદર્શિતા ● વિદ્વતા અને બૌદ્ધિક સ્વતંત્રતા ● સરકારી સ્તર અનુમોદન અને યોગ્ય વળતર.

**બ્રેઈન-ડ્રેઈનની મૂળ દેશ પર નકારાત્મક અસરો :**

● ધનવાન અને વિકસીત દેશો વધુ ધનવાન અને વધુ વિકાસ પામ્યા, જ્યારે મૂળ દેશો વધુ ગરીબ બન્યા અને નિષ્ફળ રાષ્ટ્રોનું મહેણું પામ્યા. (આફ્રિકન દેશો) ● રાજકીય અસ્થિરતા આવી ● તોફાનો, અશાંતિ, આતંકવાદ વધ્યા (પાકિસ્તાન, અફઘાનિસ્તાન) ● શિક્ષણ, ઉદ્યોગ અને આરોગ્ય ક્ષેત્રોમાં કોઈ વિકાસ ન થયો ● સમાજ વધારે બંધિયાર અને પછાત રહ્યો ● પોતાના દેશ પ્રત્યેની ગૌરવની ભાવના નબળી પડતી ગઈ, ઉલ્ટાની હીણપતની ભાવના જાગૃત થઈ.

(U K Essaysની વેબસાઈટ પરથી)

## ૪. બ્રેઈન-ડ્રેઈન : ભારતના સમાજ પર તેની સામાજિક-આર્થિક અસરો

**આર. રવીશ**

UNDP (United Nation's Development Program) ના અંદાજ પ્રમાણે ભારત પોતાના કોમ્પ્યુટર વિશેષજ્ઞોને અમેરિકા મોકલીને પ્રતિ વર્ષ ૨ બિલિયન ડોલર ગુમાવે છે. ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જતા ભારતીય વિદ્યાર્થીઓને કારણે ભારતનું દર વર્ષે ૧૦ બિલિયન ડોલર વિદેશી ભંડોળ ખર્ચાઈ જાય છે. હજારોની સંખ્યામાં ભારતના વૈજ્ઞાનિકો, એન્જિનિયરો, ડૉકટરો અને અન્ય શિક્ષિત વ્યક્તિઓ વિવિધ દેશોમાં સ્થળાંતર કરે છે અને પછી ત્યાં જ રહી જાય છે. દર વર્ષે આપણા સેંકડો ઉત્તમ દિમાગો બેબાકળા થઈને ભારત છોડવા પ્રયત્નો કરે છે. ભારતમાં વધુ ને વધુ નોકરીની તકો ઊભી થતી જાય છે તેમ છતાં પાસપોર્ટની માંગ વધતી જ જાય છે. વધુ પગાર

અને વધુ સગવડો મળવાને કારણે યુવાનો વિદેશ જતા રહે છે. વિકસીત દેશો વિકસતા દેશોમાંથી આવેલા આ ઉત્તમ દિમાગોને કારણે સતત પ્રગતિ કરતા રહે છે અને આખી દુનિયા પર રાજ કરે છે. આ 'નોલેજ ગેપ'ને કારણે ધનવાન દેશો વધુ ધનવાન બનતા જાય છે અને ગરીબ દેશો વધુ ગરીબ બનતા જાય છે. જો કે એક રીતે વૈશ્વિકીકરણે હવે કુશળ માણસોને પોતાના દેશમાં પકડી રાખ્યા છે કારણ કે તેમને ભારતમાં રહીને વિદેશી કંપનીઓમાં કામ મળવા માંડ્યું છે.

યુનોના આંકડા મુજબ વર્ષ ૨૦૧૦માં ૧.૧૪ કરોડ ભારતીયો પોતાનો દેશ છોડીને અન્ય દેશોમાં વસેલા. બીજે નંબરે મેક્સિકો દેશ છે. ૨૦૦૦માં ભારત પોતાના ૯.૯% ડૉકટરોને વિદેશ મોકલવામાં પહેલે નંબર હતો. આને કારણે ભારતને આરોગ્ય ક્ષેત્રે બહુ મોટું નુકસાન થયું છે. ભારતના ગામડાઓમાં શહેરના પ્રમાણમાં બહુ ઓછા ડૉકટરો છે. ૨૦૦૪માં ૧૦૦૦ લોકોએ ૦.૬ ડૉકટર હતા. જેની સામે અમેરિકામાં ૩ અને કેનેડામાં ૨ હતા. ડૉકટરો દેશ છોડીને જાય તેમાં ભારતનો ક્રમ ૮% સાથે બહુ આગળ છે. ચીનમાં એ ૧% છે.

**બ્રેઈન-ડ્રેઈનની સામે બ્રેઈન-ગેઈન :**

એક સમજણ એવી ખીલતી જાય છે કે દેશત્યાગની પ્રવૃત્તિ બંને દેશોના લાભમાં છે. મોકલનાર દેશ અને સ્વીકારનાર દેશ. લાંબેગાળે બ્રેઈન-ડ્રેઈનને બ્રેઈન-ગેઈનમાં બદલી શકાય, જે ખાસ તો ભારતને લાગુ પડે છે. હમણા સુધી વિદેશી ભારતીયોનો પાઠ દેશના વિકાસમાં માત્ર આર્થિક બાબતો પૂરતો જ હતો. ૧૮૯ દેશોમાં ૩ કરોડની વિદેશી ભારતીયોની વાર્ષિક આવક $૪૦૦ બિલિયન છે, જે ભારતની GDP ના ૩૦%. એક અભ્યાસ પ્રમાણે અમેરિકાના દસ લાખ વિદેશી ભારતીયો, જે ભારતની વસ્તીના ૦.૧% છે તે જે કમાય છે તે ભારતની ૧૦% રાષ્ટ્રીય આવકની બરાબર છે. ૨૦૧૦ના વર્ષમાં આ વિદેશી ભારતીયોએ મોકલેલા પૈસા આશરે $૫૫ બિલિયન હતા, જે ભારતની GDP ના ૩.૯% હતા. સ્વાભાવિક છે કે આ પૈસા દેશના વિકાસમાં ખર્ચાયા. પણ આ સીધા આર્થિક ફાયદાઓ ઉપરાંત, વિદેશમાં રહેતા આ ભારતીયો, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ લીધેલાઓ, બીજા ઘણા લાભો કરી આપે છે. જેવા કે, જે તે દેશમાં ભારતની છાપ સુધારવી, નવા બજારની માહિતી આપવી, નવા વ્યાવસાયિક જોડાણો કરી આપવા, વિગેરે.

(International Journal of Humanities and Social Science Invention 2013માંથી)

---

**<u>ખાસ નોંધ</u>**

કોઈ પણ પુસ્તિકાની વધારાની નકલ મંગાવતાં પહેલાં કિંમત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

## ૫. બ્રેઈન-ડ્રેઈન : પરદેશ વહી જતું બુદ્ધિધન

### જેક્વેલિન ટાયહિત (યુ.કે.ના મેગેઝિનના સંપાદક)

બ્રેઈનડ્રેઈન થવાનું મુખ્ય કારણ છે વિકસતા દેશોમાં પ્રવર્તતી સામાજિક અને રાજકીય પરિસ્થિતિઓ, જે યુવાનોને આકર્ષતી નથી. જો યુવાનો પોતાના સામર્થ્ય અનુસાર પોતાની કારકિર્દી પોતાના દેશમાં ઘડી ના શકે તો તેઓ ત્યાં રહેવાના નથી જ. ખરેખર આને આપણે બુદ્ધિધનનો વેડફાટ કહેવા કરતા બુદ્ધિધનને બીજા દેશમાં ઘસડાઈ જતું કહી શકીએ.

સામાન્ય રીતે અમેરિકા ભણવા આવતા વિદ્યાર્થીઓ એવા વિષયો પસંદ કરે છે કે જે તેમના પોતાના દેશ માટે કામના નથી.

આજે ત્રણ પ્રકારની અદશ્ય ધારાઓ વિકસતા જતા સમાજ માટે મહત્ત્વની બનતી જાય છે. એક, યુવાનોનું સમાજમાં ભળવાનું વલણ. બે, જેમણે ઔદ્યોગિક ક્રાંતિનો લાભ પહોંચ્યો નથી તેવા પછાતો અને ગરીબો. ત્રણ, સ્નાતકોનો ભરાવો.

આજે યુવાનો ભણવામાં વધારે વર્ષો આપે છે અને ત્યારપછી પણ તેમને તેમના ભવિષ્યનું સ્પષ્ટ ચિત્ર દેખાતું નથી. આને કારણે સમાજમાં પોતાનું મહત્ત્વ શું છે, તેણે કયો પાઠ ભજવવાનો છે તે વિષે ગૂંચવણો છે.

તે એવું ભણે છે જે થોડા વખતમાં જૂનવાણી થઈ જાય છે. તેમને વાતાવરણ તરફથી સતત દુર્લક્ષ અને જાકારો મળે છે. તેણે કરેલી મહેનત તેને અર્થ વગરની, અસંબંધ લાગે છે. તેઓ જવાબ ન મળે તેવા પ્રશ્નોનો અને મેળ ના બેસે તેવી પ્રાથમિકતાઓનો સામનો કરે છે.

વિકસતા દેશોમાં વ્યાવસાયિક તાલીમ માટે બે બહુ પ્રચલિત રીતો છે. કાં તો વિદ્યાર્થીને ભણવા માટે પશ્ચિમના દેશોની યુનિવર્સિટીમાં મોકલો અથવા તો પશ્ચિમના પ્રાધ્યાપકોને વિકસતા દેશોની યુનિવર્સિટીમાં ભણાવવા માટે બે વર્ષ માટે લઈ આવો. પહેલા પ્રકારની રીત વિકસતા દેશો માટે બહુ મોટા પ્રમાણમાં 'brain drain' માં પરિણમી છે. બીજા પ્રકારની રીતે જ્ઞાનસમૃદ્ધ અને વિકસતા દેશને એકવીસમી સદીમાં દોરી જાય તેવા પ્રાધ્યાપકોને આકર્ષે છે. એક સારા અધ્યાપકને તેના રોજિંદા કામમાંથી બે વર્ષ માટે અલગ કરવો અઘરો છે. જે ગયા છે તેમને તેમની પત્નીઓ અને બાળકોના અભ્યાસના પ્રશ્નોનો સામનો કરવાનો આવ્યો છે. એવું પણ છે કે ખૂબ ભણેલા હોય તે સારા શિક્ષકો હોય તે જરૂરી નથી અને જે સારા શિક્ષકો છે તેમની પાસે શિક્ષણ આપવાની વર્ષો જૂની, આજના સમયમાં તેમના પોતાના દેશમાં પણ મહત્વ ગુમાવી દીધેલી પદ્ધતિઓ છે.

હું એવું સૂચન કરું કે એક વર્ષનો પ્રોજેક્ટ આધારિત એક અભ્યાસક્રમ બંને - વિકસતા દેશની અને વિકસિત દેશની યુનિવર્સિટી સાથે મળીને બનાવે. આ યોજના બંને બાજુએ ચાલશે. વિકસિત દેશની યુનિવર્સિટી અ અને તેનો પ્રાધ્યાપક ક વિકસતા દેશની યુનિવર્સિટી બ ના પ્રાધ્યાપક ખ સાથે સંપર્કમાં રહેશે. આ બંને યુનિવર્સિટીઓ વિકસતા દેશના કોઈ મહત્વના પ્રશ્ન પર, જેના પર તેની સરકાર કામ નથી કરતી, તેવા પ્રશ્ન પર અભ્યાસક્રમ નક્કી કરીને એક પ્રોજેક્ટ નક્કી કરશે. પ્રાધ્યાપક ક અને તેમના પાંચ વિદ્યાર્થીઓ સાથે યુનિવર્સિટી બ માં આવીને એક ટર્મ પ્રાધ્યાપક ખ અને તેમના પાંચ વિદ્યાર્થીઓ સાથે કામ કરે. અધ્યાપક ક તે દરમિયાન યુનિ. બ માં પોતાના વિષયને લગતા પ્રવચનો આપે અને પરિસંવાદ (સેમિનાર) યોજે. તે બધા યજમાન યુનિ.ના ખર્ચે તેમની હોસ્ટેલમાં સાથે રહે.

પહેલી ટર્મ પૂરી થતાં આ દસ (પાંચ+પાંચ) વિદ્યાર્થીઓ અને બંને અધ્યાપકો યુનિ. અ માં જાય અને એક ટર્મ ત્યાં તે યુનિ.ના ખર્ચે તેની હોસ્ટેલમાં રહે અને ભણે. અહીંયા તેઓ, બની શકે કે ત્યાંની પદ્ધતિ અને વિકસીત સાધનો સાથે ભણે. અહીં પ્રાધ્યાપક ખ ત્યાંની યુનિ.માં પોતાના વિષયને લગતા પ્રવચનો આપે અને પરિસંવાદ યોજે.

એક વર્ષને અંતે આ પ્રોજેક્ટને લગતો રિપોર્ટ તૈયાર થાય. આ રિપોર્ટ વિકસતા દેશની સરકારને આપવામાં આવે.

આવો કાર્યક્રમ બંને યુનિવર્સિટીઓમાં કાયમી ધોરણે સતત ચાલી શકે. આ બહાને બંને દેશોના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને અલગ દેશોની, ત્યાંની સંસ્કૃતિઓનો, તે દેશોના પ્રશ્નોનો ખ્યાલ આવી શકે. આમ વિદેશ જઈને ભણવા માગતા વિદ્યાર્થીઓને ઓછા ખર્ચે વિદેશી યુનિવર્સિટીમાં ભણવાનો લાભ મળે.

વિકસિત દેશોની કેટલીક યુનિવર્સિટીઓએ વિકસતા દેશો સાથે કામ કર્યું છે - જેમ કે એડિનબર્ગ યુનિવર્સિટી લાહોરની યુનિવર્સિટી સાથે સહયોગ કરે છે. આ પદ્ધતિનો ફેલાવો થઈ શકે પણ જો સરકારો એના માટે ખર્ચા કરવા તૈયાર હોય તો.

('એકિસ્ટિક'નાં અંકમાંથી, ૧૯૬૭)


ગયે મહિને તમને મળ્યું : **કળાનો આસ્વાદ**

**સંપાદક - મુનિ દવે**

**કિંમત રૂા. ૪૦.૦૦**

આવતે મહિને તમને મળશે : **પ્રવચન સાર** (આચાર્યશ્રી વિજયરત્નસુંદરસૂરીજી)

**સંકલન :** શ્રી કિરીટ મહેતા

## સંવાદ

# ૧. અમેરિકામાં અઢી વર્ષ

## ડૉ. દીપલ શાહ મહેતા

(ડૉ. દીપલે મુંબઈમાં MBBS કર્યું અને દિલ્હીની AIMSમાં MD Anaesthetics-pedia કર્યું. પછી આઠ વર્ષ મુંબઈની હોસ્પિટલમાં નોકરી કરી. અમેરિકામાં MS કરીને ત્યાં જ નોકરી કરતા એન્જિનિયર ધૈર્ય સાથે ૧૯૧૩માં લગ્ન થતા અમેરિકામાં છે અને ત્યાં મેડિસિનનો ત્રણ વર્ષનો કોર્ષ કરે છે. હવે બંને જણા ભારત પાછા આવવાની વાતો કરે છે પણ આવે ત્યારે ખરા.)

અમેરિકામાં અઢી વર્ષ રહ્યા પછી હું જે અનુભવું છું તે આ છે.

મેં જ્યારે ભારત છોડ્યું ત્યારે મને કંઈક ખ્યાલ તો હતો જ કે નવા દેશમાં મારે પડકારોનો સામનો કરવો પડશે. પણ મને એ ખબર નહોતી કે એ મને કઈ રીતે અસર કરશે.

**તકો, શક્યતાઓ :**

જે દેશ તમારો નથી તે લોકો માને છે એ રીતે, કંઈ તમારી સામે બહુ સહેલાઈથી તકો ભરેલી તાસક ધરી દેતો નથી. જે મેડિકલ શિક્ષણને ખૂબ માન આપવામાં આવે છે તે શિક્ષણ હું ફરીથી લઉં છું પણ એનો મને અત્યારે કોઈ લાભ નથી. હું એ જ રસ્તે ચાલું છું જે રસ્તે ઘણા બિનઅનુભવી લોકો ચાલે છે.

પણ તકો વિષે વિચારીએ તો મેડિકલ વ્યવસાયી તરીકે ભારતમાં મારી પાસે મર્યાદિત તકો છે. જો કે એ મુદ્દો મારે માટે બિલકુલ મહત્વનો નથી. કારણ કે મારો પતિ ધૈર્ય અહીં છે અને હું એની સાથે આ દેશમાં રહેવા માગું છું એટલે મારે અહીંયા કામ કરવું પડશે અને એ માટે મારે ફરી ભણવું પડશે. જો હું જે કંઈ શીખી છું અને શિક્ષણના ૧૪ વર્ષનું જે મેં રોકાણ કર્યું છે તેનો ઉપયોગ કરવો હોય તો મારે માટે આ જ એક રસ્તો છે.

**શિક્ષણ :**

હું એ વાત સાથે પૂરી સહમત થાઉં છું કે સરકારે આપણા અભ્યાસ પાછળ જે ખર્ચા કર્યા તેની પૂરતી કદર આપણને નથી. ખાસ તો મેડિકલના અભ્યાસ વિષે. અમેરિકામાં મેડિકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરજે લીધેલી રકમ બોજ જે ઉઠાવે છે તે બહુ મોટો છે અને તેમના જીવનનો બહુ મોટો સમય તે કરજ ચૂકવવામાં ગાળે છે. આ જોઈએ છીએ ત્યારે સમજાય છે આપણી સરકારે આપણા માટે શું કર્યું છે. પણ મેડિકલ ક્ષેત્રમાં શા માટે અમે તેની કદર નથી કરતા તે સમજવું સહેલું છે. એક સરેરાશ ડૉક્ટર બહુ ઓછું કમાય છે અને તેના પ્રમાણમાં ઘણા વર્ષો તે ભણવા પાછળ ગાળે છે. જે કંઈ કમાય છે તે તેના કુટુંબને

પોષવા માટે પૂરતું નથી અને તેના ઉપર સરકાર તમને ફરજિયાત સેવા કરવાની ફરજ પાડે છે જેથી સરકારે ખર્ચેલા પૈસા તમે પાછા વાળી શકો. મારા માનવા પ્રમાણે ભારત નકારાત્મક પ્રતિભાવ પદ્ધતિ પ્રમાણે કામ કરે છે જ્યારે અમેરિકા હકારાત્મક પ્રતિભાવ પદ્ધતિ પર કામ કરે છે. આપણે ખર્ચતા પણ નથી અને કમાતા પણ નથી. અમેરિકા શિક્ષણ પાછળ બહુ મોટી રકમ ખર્ચે છે અને તેની સામે ખૂબ મોટું વળતર પણ મેળવે છે.

તેની સામે ભારત સરકાર અન્ય ક્ષેત્રો, જેવા કે, IT અને એન્જિનિયરીંગમાં પણ સારી એવી રકમનું રોકાણ કરે છે પણ તેના વિદ્યાર્થીઓને પાછું ચૂકવવાની ફરજ નથી પાડતી. તે લોકો તેમને ગમે તેવા ઊંચા પગારની નોકરીઓ લઈને વળતર ચૂકવ્યા વગર ગમે ત્યાં જઈ શકે છે.

સમગ્રપણે જોતા અહીંની શિક્ષણની રીતરસમો ભારત કરતા જુદી છે. મને લાગે છે કે આપણે આ લોકો કરતા વધારે બુદ્ધિશાળી છીએ પણ આપણી શિક્ષણ પદ્ધતિ વખતે વિચાર ન કરવાની તાલીમ આપે છે. જ્યારે અહીંયા તેના કરતા વિપરીત છે. આપણા સમાજમાં નીચેના હોદ્દાના લોકોના સૂચનોને મહત્ત્વ આપવામાં નથી આવતું પણ અહીં આવતાની સાથે જ અમે શીખીએ છીએ કે આપણી આસપાસના લોકોને માન આપવાનું છે. પોતાને કોઈ માન આપે તે હરકોઈને ગમે છે. મને લાગે છે કે આને અનુકૂળ થવા આપણે આપણી વર્તણૂંક બદલવાની જરૂર છે.

આ બધું છતાં હું માનું છું કે આપણા ડૉકટરો વધુ સારા છે પણ આપણી પાસે તેને મદદરૂપ થાય તેવી પદ્ધતિ નથી જેના દ્વારા તે પોતાની ક્ષમતા અને કુશળતા બતાવી શકે. આ જ વાત આપણા બાકીના ક્ષેત્રોને પણ લાગુ પડે છે.

**સામાજિક બાબતો :**

આ બાબતમાં ભારત ગમે ત્યારે અમેરિકાને મત આપી શકે તેમ છે. આપણા માટે આ એક કારણ છે કે ભારત પાછા આવી જઈએ. આયુમર્યાદા ભારત કરતા અહીં વધારે છે. મારી વૃદ્ધાવસ્થાની વ્યાખ્યા હતી ૭૦-૮૦ વર્ષની. અહીં આવ્યા પછી તે બદલાઈને ૮૦-૧૦૦+ થઈ ગઈ છે. તેમ છતાં, વૃદ્ધાવસ્થામાં આ લોકો જે રીતે જીવન જીવે છે તે જોઈને મને નવાઈ લાગે છે. મોટાભાગના વૃદ્ધાશ્રમમાં, વૃદ્ધો બાળકો વગરનું એકાકી જીવન જીવે છે. જીવનની ગુણવત્તા એ પરિસ્થિતિમાં પણ તેઓ માણે છે પણ હું તે સ્વીકારી નથી શકતી. પણ નોંધવા જેવી રસપ્રદ બાબત એ છે તેઓ પાસે સોશિયલ સિક્યોરીટી છે જે તેમની સ્થૂળ જરૂરિયાતો પૂરી કરે છે.

ભારતમાં તમે સુખેથી મરી શકો છો, જો તમારું કુટુંબ તમારી સાથે હોય તો. પણ તો શું થાય જો કોઈ તમારી સંભાળ રાખનાર ના હોય તો?

**પૈસો, વૈભવ અને સૌંદર્ય :**

ભારત સાથે સરખામણી કરીએ તો કામના બદલામાં અહીં ચોક્કસ વધુ પૈસા મળે છે પણ તેની સામે અહીં ખર્ચ પણ ઘણો વધારે છે. અહીંયા બચતનું ચલણ જ નથી. આથી જો

તમે વધારે કમાવ તો વધુ વૈભવી જીવન જીવી શકો. ભારતમાં આપણે સંકડામણમાં જીવીએ છીએ કારણ કે પૈસા ઓછા છે. નવી પેઢી માટે બચાવવાનું છે, ભ્રષ્ટાચાર છે. રોજિંદા જીવન જરૂરિયાતોની કિંમતો વધતી જ જાય છે. આ કારણે ભારતીયો અમેરિકામાં રહેવા ઈચ્છે છે કારણ કે તે જેટલું કમાય છે તેટલું વાપરી શકે છે.

હું ભારતમાં ભવિષ્યમાં પાછી આવવા માગું છું પણ મારા મનમાં કેટલાક પ્રશ્નો છે જેના જવાબ મને જડતા નથી.

- હું પાછી આવીશ ત્યારે મારી પાસે બે માસ્ટર્સ ડિગ્રીઓ હશે. શું ભારતમાં મને એવી કોઈ જોબ મળશે જે મારા અનુભવનો લાભ લઈ શકે અને મને અહીં મળે છે તેના કરતા અડધો પગાર પણ આપે? મને લાગતું નથી.
- શું ભારતમાં આવી જ ગુણવત્તાની પ્રદૂષણમુક્ત હવા, સ્વચ્છ તળાવો અને પાણીના ધોધ, પર્વતો અને ચોખ્ખા સમુદ્રતટો હશે જ્યાં હું મન થાય ત્યારે જઈ શકું? મને લાગતું નથી.
- જો હું અહીંયા રહું તો શું મારા બાળકો મારું ધ્યાન રાખશે, જેવું હું મારા મા-બાપનું રાખું છું? મને નથી લાગતું.
- જો હું અહીં જ રહું તો હું મરું ત્યાં સુધી મારું કોઈ સાથીદાર હશે? ખબર નથી.

હું મારી વાતનું આ રીતે સમાપન કરી શકું કે જ્યારે કોઈ દર્દી મને પૂછે છે કે, 'તમે ક્યાંથી?' ત્યારે હું શું જવાબ આપું? હું ક્યાંની? મુંબઈની, કેલિફોર્નિયાની, બોસ્ટનની કે સિરેક્યુઝની? એ બધા શહેરોની છું તેમ છતાં મારું કહેવાય એવું એકેય શહેર નથી.

(drdipalshah@gmail.com)

## ૨. વિદેશમાં સ્થાયી થવાની પ્રબળ ઈચ્છા ...

**રશ્મિ ત્રિવેદી**

(૧૯૬૯માં વડોદરાથી બી.ઈ. મિકેનિકલ કરીને અમેરિકા વધુ અભ્યાસ માટે ગયા. એમ.એસ. કર્યા પછી વધુ રહેવું હતું અને એ માટે ભણવાનું ચાલુ રાખવું અનિવાર્ય હતું એટલે એમ.બી.એ. શરૂ કર્યું. પણ એક વર્ષ ભણ્યા પછી લાગ્યું કે આ ભણતર પછી રાજકોટમાં તો નહિ રહેવાય - મુંબઈ કે દિલ્હી જવું પડશે તો જ નોકરી મળશે. આથી ભણવાનું છોડી ત્રણ જગ્યાએ છ છ મહિના નોકરી કરી જેથી ત્યાંની શિસ્ત, કામ કરવાની, વિચારવાની રીતો વિષે જાણી શકાય. તે દ્વારા પિતાજીએ ભણતર પાછળ કરેલા ખર્ચ જેટલા પૈસા કમાઈ લીધા. ૧૯૭૩માં રાજકોટ પાછા ફર્યા અને પછી રાજકોટમાં જ આજીવન રહ્યા.)

તાજેતરમાં ઘણા બધાં સમાચારોથી એમ લાગે છે કે દેશદ્રોહ અને દેશપ્રેમની વ્યાખ્યા દરેક વ્યક્તિની પોતાની હોય છે. કાયદેસર દેશ-દ્રોહ અને દેશ-પ્રેમ કોને ગણવા તે તો ઘણા થોડાંને જાણ હશે.

આવું જ કંઈ વિદેશમાં સ્થાયી થયેલા અથવા થવા ઈચ્છતાં નાગરિકો વિશે લાગે છે. ત્યાં સ્થાયી થયેલા તો ઠીક પણ અહીં વસતાં કરોડો લોકોની વ્યાખ્યામાં પણ જાતજાતનાં મંતવ્યો છે અને આપણા 'સંવાદ' પુસ્તકને આત્મસાત નહીં કરી શકેલા એવા આપણા વિચાર વલોણુંના ઘણા વાચકોની વ્યાખ્યાઓ પણ અનેક રીતે જુદી-જુદી હોઈ શકે છે. કારણ કે આમાં કોઈ એક સર્વસંમત સત્ય હોઈ શકે નહીં.

હકીકતમાં વિદેશમાં સ્થાયી થયેલ નાગરિકો જ્યારે આપણા દેશને લાભ થાય તેવું કરે ત્યારે આપણે ખુશ થઈએ છીએ અને એ જ લોકો જ્યારે આપણી માન્યતા વિરુદ્ધનું કંઈ કરે તો આપણને તેમાં ઘણા વાંધા-વચકા દેખાય છે. જ્યારે વિદેશમાં વસતા મોટા ભાગના લોકોને ઘણો બધો દેશપ્રેમ હોવાથી ત્યાં સ્થાયી થયા છે આવું તો કોઈ માનતું પણ નહીં હોય.

માણસનો મૂળભૂત સ્વભાવ તો સ્વાર્થી જ છે અને આપણે સહુ પણ વધતાં-ઓછાં અંશે સ્વાર્થી જ છીએ. આપણા ઘણાં સંતોએ ઘણી કોશિશ કરી પણ નિઃસ્વાર્થ લોકોની સંખ્યા દિવસે ને દિવસે ઓછી થતી જતી હોય તેવું લાગ્યા કરે છે.

આપણી સફળતા અને પ્રગતિ માપવાના સામાજિક ધારા-ધોરણ પ્રમાણે જો કોઈ વિદેશમાં જઈ વધુ પૈસા કમાય, પ્રગતિ કરે અને સફળતા પામે તો લોકોને વિદેશ જવાની પ્રબળ ઈચ્છા થાય તે સ્વાભાવિક જ છે ને? જો કોઈ આ દેશમાં રહીને એટલી જ સહજતાથી એ મેળવી શકે તેમ હોય તો ન પણ જાય!

વધારે ધન એટલે વધારે સગવડ અને વધારે સુખ એવું જ્યાં સુધી સમાજના મહત્તમ માણસો માનતા હોય ત્યાં સુધી વધારે પગારવાળી નોકરી કે ધંધો પસંદ કરવો અને તેમાં નાની પણ સારી સંસ્થાઓ રહી જાય તો વાંક કોનો? સમાજની મુખ્ય ધારા પ્રમાણે ચાલતા યુવા વર્ગનો કે એવી માન્યતાઓ ઘર કરી ગઈ ત્યાં સુધી તેનો કોઈ ઉપાય શોધી ન શકનાર સમાજનો અને તેવી માન્યતા ધરાવતાં બુદ્ધિજીવી વડીલોનો? સાદાઈ, ઓછી જરૂરિયાતો, ઓછી સગવડો અને બીજાને મદદ કરીને ખુશ થવું કે તેને સુખ ગણવું એ વિચારધારા કે બીજાની તકલીફ અને દુઃખ જોઈને આપણે પણ દુઃખ થાય તેવી સંવેદનાઓ ઉત્પન્ન જ ન થાય તો દેશપ્રેમ તો દૂરની વાત છે.

દેશના ઘણા બધાં ક્ષેત્રમાં યોગ્ય માણસોની ખોટ વર્તાય છે પણ યોગ્યતાવાળા સ્નાતકો જ શિક્ષણ સંસ્થામાંથી ઉત્તીર્ણ થઈ શકે તેવી વ્યવસ્થાના અભાવે જ આ શક્ય છે. ઓછી મહેનતે યેનકેન પ્રકારે સ્નાતક થઈ શકાતું હોય અને સખત મહેનત અને આવડતવાળા સ્નાતકોને માની લીધેલ સફળતા કે સુખ-સગવડવાળી નોકરી કે ધંધો ન મળે તો તેવી યોગ્યતા કેટલી જરૂરી?

જિંદગીમાં સફળ થવા અને સુખ-સગવડ ભોગવવા શું કરવું જોઈએ તેની યોગ્ય જાણકારી અને તાલીમ આપવામાં આવે તો આજના વિદ્યાર્થીઓ પોતાનો સ્વાર્થ પણ નહિ જોઈ શકે તેવા અબુધ છે? અને આવા વિદ્યાર્થીઓ વિકસિત દેશમાં સારું ભણવા જાય તો તેમાં કંઈ અજુગતુ ગણાય? વિકસિત દેશોમાં માત્ર ૨-૩ વર્ષ વધુ ભણીને એ ત્યાં સારું કમાઈ

શકે અને ઘણાં સુખ-સગવડ સરળતાથી મેળવી શકે તેવા તૈયાર થઈ જાય એવું તે ત્યાંનું કેવું શિક્ષણ જે અહીં ન મળી શકે? અને જો ન મળી શકે તો એમાં બદલાવ લાવવા વિશે કોણે વિચારવાનું?

અને ધારો કે આમાંથી મોટાભાગની વ્યક્તિઓએ બે-પાંચ વર્ષે પાછાં અહીં ઠરીઠામ થવા આવે તો તેઓ સફળ થાય ખરા? વિરલાઓ અહીંની વિકટ પરિસ્થિતિમાં પણ સફળતા મેળવી લે પણ મહદ્અંશે તેઓને અનેક સાચાં કારણોસર સફળતા ઘણી ઓછી જ મળવાની. જે લોકો વિદેશ જાય છે તે બધાં જ શું "Brain Drain" ની ચિંતા કરવી પડે તેવા જ હોય છે? અને જે મોટા ભાગના લોકો અહીં રહી ગયા છે તેમના કરતાં વિદેશ જતાં બધા ખુબ સારા "Brain" વાળા હોંશિયાર હોય છે? વિદેશમાં સફળ થતી મોટા ભાગની વ્યક્તિઓના સફળ થવામાં ત્યાંની પદ્ધતિઓ અને તકોનો મોટો ફાળો છે.

હકીકતમાં તો વિદેશમાં ખૂબ સફળ ગણાતી બધી જ વ્યક્તિઓને જો અહીં સફળ થવાની ખાતરી ન હોય તો બાવા ના બેય બગડ્યા જેવો જ ઘાટ થાય અને દેશપ્રેમના પૂરમાં અહીં આવીને સફળ ન થવાય તો દેશની બહાર રહીને કદાચ દેશ પ્રેમ વ્યક્ત કરવાની તરકીબો વધુ સારી રહે.

ક્યારેક મનમાં સવાલ થાય કે વિશ્વબંધુત્વમાં માનતા આપણા વિદેશમાં વસતા બાંધવો વિદેશપ્રેમ બતાવે અને તેમને વધુ મદદરૂપ થાય તેવું થવું જોઈએ કે આપણને જ મદદ કર્યા કરવી જોઈએ? અને જો ત્યાં પણ મદદરૂપ ન થતાં હોય તો અહીં પાછા આવીને આપણને મદદરૂપ થશે આની કોઈ ખાતરી છે?

(rashmitrivedi25@yahoo.com)

## ૩. દેશ-વિદેશ

### સેતુ શાહ

(દસ વર્ષ પહેલા અમદાવાદથી આર્કિટેક્ટનું ભણીને અમેરિકા ગયા અને ત્યાં જ સ્થિર થયા.)

આપના લેખમાં ત્રણ અગત્યના મુદ્દા વિચારવા અને અપનાવવા જેવા છે.

(૧) દરેકને ક્ષમતા અનુસાર વિકાસની તક આપવી.

(૨) યોગ્ય માણસને યોગ્ય તક આપવી અને તેનું યોગ્ય મૂલ્યાંકન કરવું.

(૩) તમારામાં રહેલું સત્વ અને આવડતો બહાર લાવવા માટેનું પર્યાવરણ અને પરિસ્થિતિ ઊભી કરવી.

'મા'ને છોડીને જવું કોને ગમે?

આ બધું સમય, સ્થળ, તક અને પરિસ્થિતિને અનુસાર જીવન જીવવાની વાત છે. અસ્તિત્વ જાળવવાની વાત છે.

જો પર્યાવરણનો ઊંડો અભ્યાસ કરીએ તો તેમાં પણ ઘણું જાણવા-શીખવા મળે તેવું છે. ભૂતકાળના આપણા (Native Species) મૂળજાતિના પ્રાણી, પક્ષીઓ, ઝાડ, છોડ, નદી અને તળાવના પાણી આજે કેટલા પ્રમાણમાં રહ્યા અને જો ગયા તો ક્યાં ગયા? એક જમાનામાં સાબરમતી નદીમાં ડોલ લઈને જતા અને માછલી ભરી ઘરે લાવી કલાકો સુધી જોતા. છેલ્લા થોડા વર્ષથી ચકલીના દર્શન પણ દુર્લભ થયા છે.

જેમ જેમ સમય પસાર થાય તેમ નવી, જુસ્સાવાળી બિન મૂળજાતિ Non-native Species એ જગ્યા અને અછત પૂરી કરશે પણ ખરી. 'દ્રોહ' શબ્દ વાપરતા પહેલા જરીક વિચારવા જેવું છે. કોઈકે કહ્યું છે કે, ''દેશ, ધર્મ, નાત-જાત, વર્ણના ભેદ વિગેરેની વાતો એ લોકો માટે ઘૃણા ઉપજાવવાની વાત છે જેને તમે મળ્યા પણ નથી.''

જે કોઈ આપણને છોડીને ગયું અને આપણી અપેક્ષાને માન (જાણતા કે અજાણતા) ન આપ્યું તે બધા દ્રોહી કહેવાય? પેલી માછલી અને ચકલીને શું કહીશું? પેલા ગલ્ફના દેશોની લડાઈમાં નિરાશ્રિત બીજા દેશોમાં જઈ વસેલ લોકોને શું કહીશું? ઈન્દીરા ગાંધીની હત્યા પછી થયેલ પંજાબના હુલ્લડ અને અમદાવાદમાં થયેલ હુલ્લડને કારણે સ્થળાંતર થયેલ કુટુંબોને શું કહીશું?

જે લોકો પોતાનો દેશ છોડીને દૂર વસ્યા છે તેઓએ એ સમયનો “Cultural Snap-shot” જાળવી રાખ્યો છે. જો ખરેખર દેશપ્રેમ અનુભવવો હોય તો ભગવાન રામની જેમ ૧૪ વર્ષ દેશ બહાર ગાળ્યા પછી ખ્યાલ આવે કે કોણ ખરેખર દેશદ્રોહી છે. જે દેશમાં રહીને દેશ વેચી રહ્યા છે કે દેશ બહાર રહીને પણ બનતી મદદ કરી રહ્યા છે તે મધર ટેરેસાને તેમની જન્મભૂમિના લોકોએ દેશદ્રોહી કહ્યા હોય તેવું ધ્યાનમાં આવ્યું નથી.

માણસે જન્મ લીધો ત્યારે તેને કોઈ દેશ, ધર્મ, જાતિ, જાત, વર્ણ વિગેરે પસંદગીથી નક્કી નહોતા કર્યા. હવે જે લોકો આપણી માન્યતા કે હુલ્લડમાં ના જોડાય તેની મા ભીખારી કહેવાવાળાને શું જવાબ આપવો? આજે ભારત દેશના લોકો આખી દુનિયામાં જઈને વસ્યા છે. તેઓએ ઊંડો ફાળો અનેક સ્તરે આપ્યો છે. આપણી અને આપણા દેશની પ્રગતિ એ બીજા દેશો અને પ્રજા સાથેના સહકાર અને સહયોગથી જ થઈ રહ્યો છે. દા.ત. શ્રી એસ. રામાનુજ અને કલ્પના ચાવલા.

એક વાત યાદ આવે છે.

એક સાધુ બે અલગ ગામમાંથી પસાર થયા. પહેલા ગામવાળાઓએ કાંઈ આગતા-સ્વાગતા ન કરી. બીજા ગામવાળાઓએ તેમની બધી વ્યવસ્થા કરી. આદર-સત્કાર કર્યો, સત્સંગ કર્યો. સાધુએ પહેલા ગામને આશીર્વાદ આપ્યા કે ગામ સંપીને કહો, બંધ મુઠ્ઠીની જેમ બંધાયેલું જ રહો. બીજા ગામને કહ્યું કે તમારું ગામ તૂટો અને ચારેય બાજુ પ્રસરો. જેથી કરીને સારા કામ, સારા વિચાર, સારા સંસ્કાર જગતભરમાં પ્રસરે.

(setunyc@gmail.com)

# ૪. બે પાંદડે થવાની પરિભાષા

**પંકજ ઠાકર**

(૧૯૭૪માં વિદ્યાનગરથી બી.ઈ. ઈલેક્ટ્રીક ભણીને GEB માં નોકરી કરીને નિવૃત્ત થયા છે. તેમનો દીકરો એન્જિનિયર થયો છે અને બીજો એન.આઈ.ડી.માં ભણ્યો છે. બંને દીકરાઓ અત્યારે ઓસ્ટ્રેલિયા સ્થાયી થયા છે.)

નાના હતા અને શેરીમાં કોઈ લગ્નપ્રસંગે મુંબઈથી આવે ત્યારે આવનાર દેશમાં આવ્યો છે એમ સાંભળીએ ત્યારે આ દેશ-પરદેશના સિમાડા ગુજરાતી ભાષાની સરહદ સાથે બંધાયેલા છે તેમ માનતા. ક્યાંક તો દરિયો ઓળંગવાની પણ સામાજિક બંધી હતી. અને રવિન્દ્રનાથની વાર્તામાં આવે છે તેમ તેવા લોકોને ગંગાજળ તેમજ ગોબરથી શુદ્ધિ કરવી પડતી. આ બધુ સમાજ બંધન અને દેશપ્રેમના ભાગ રૂપે જ હતું! આમ છતાં ગુજરાતીઓ ગુજરાત બહાર આફ્રિકા, ઈંગ્લેન્ડ, બ્રહ્મદેશ, ફીજી વગેરે દેશોમાં ગયા જ. શું કામ? ભણવા માટે? ના. બે પાંદડે થવા.

હવે ૧૦૦ વર્ષમાં બે પાંદડે થવાની પરિભાષા વિસ્તરી છે. ભણવા માટે કદાચ ૩૦% જ હશે, પરંતુ મહેનત મજુરી કરી બે પાંદડે થતા અમેરિકા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા કે ગલ્ફના દેશોમાં જવાવાળા વધારે હશે. અહીં બેશક આર્થિક સધ્ધરતા પ્રથમ ધ્યેય હોય છે. આ માપદંડ તો બિહાર ઓરિસ્સાના સેંકડો યુવાનો જેઓ જામનગર, અલંગ, ભીવંડીમાં આવ્યા છે તેમને પણ લાગુ પડે. આવી જ માનસિકતાથી અમે અને તમે પણ ખેતીવાડી છોડી શહેરની વાટ પકડી હશે. આ બધાંને દેશપ્રેમના ચશ્મામાંથી જોવાની જરૂર ખરી?

આપણે આ વિષયને ડીબેટ ન બનાવીએ તો વિચારની નવી દિશા ખૂલે. આજથી હજારો વર્ષ પહેલા ગયેલા આ દેશના વાસીઓએ આ દેશનું યથાશક્તિ ભલું જ કર્યું છે. એ ક્ષેત્ર વ્યાપારનું હોય કે ધર્મનું, કલાનું હોય કે વિદ્યાનું. ભારતીય સંસ્કૃતિ બુદ્ધ પહેલા પણ વિદેશમાં ગઈ છે, કોઈ દેશદ્રોહના આક્ષેપ વગર દેશપ્રેમની મશાલ જોવી હોય તો ઠેર ઠેર વિદેશમાં રહેલા યહુદીઓને નજર સામે રાખવા રહ્યા. ગલ્ફના દેશોમાં પરસેવા પાડતો કેરળનો કડીયો કે એચ-વન વીસા ઉપર કેલિફોર્નિયામાં રહેતો યુવાન જ્યારે કુટુંબ માટે કંઈક કરી છુટે છે ત્યારે આડકતરી રીતે દેશ માટે પણ કંઈક કરી છુટતો હોય છે.

એક બીજી રીતે પણ વિચારવું રહ્યું. આપણાથી હજારો વર્ષ દૂર રહેલા આપણા જ ડી.એન.એ. ધરાવતા મૂળ ભારતીયો (આદિવાસીઓ) માટે આપણે શું કર્યું? ધર્મ સંસ્થાઓ તેમને છાંયડો, પાણી આપવાનું કામ કરે છે. એક વાત સમજી લેવાની જરૂર છે પરદેશ ભણવા જતા બધાં યુવાનો સાઈબીરીયન બર્ડ નથી કે સીઝન પૂરી થતા વતન પાછા આવશે જ. કોઈ હંસ જેવા પણ હશે જે જ્યાં વિકાસ નામનું પાણી હશે ત્યાં ડેરા તંબુ નાંખી દે, તે દેશને સર્વોચ્ચ બનાવવા પરસેવો પાડશે. દેશ વિકાસની અને માત્ર સર્વોચ્ચ-વિકાસની વાત કરશે તો Brain Drain બહારથી દેશમાં થશે.

(pankajthakar@gmail.com)

## કવિતા

### કોઈને'ય નબળા ના ધારીએ

કોઈને'ય નબળા ના ધારીએ.
ઊઠતા અવાજોને અવગણતા રહીએ તો બીજું શું થાય કદી'ક હારીએ.
કોઈને'ય નબળા ના ધારીએ.

સૂરજને મુઠ્ઠીમાં પકડી ફરીએ ને ક્યાં'ક પુનમની ચાંદની દઝાડે,
પથ્થરને ઓશીકે આંખ મળી જાય પણ તકીયાઓ રાતને બગાડે,
દાવાનળ થાતા શું વાર લાગવાની જેને ચીનગારી સમજી ના ઠારીએ.
કોઈને'ય નબળા ના ધારીએ.

રસ્તો રોકીને કહે આગળ તો કોઈ નથી તોય કેમ ભાગો છો આપ?
બુલડોઝર ફેરવીને ભૂંસી રહ્યા છો તમે ધુળમાંથી પગલીની છાપ?
કોક દિવસ થોભીને પાછળ જોઈએ, ને વીતેલા ખુદને સંભારીએ.
કોઈને'ય નબળા ના ધારીએ.

મોજાં ને લોકોનું સરખું છે સાવ એ તો કાંઠે પણ લાવી ડુબાડે,
વાયુને પળભર તો પકડી શકાય છે એ પરપોટા સૌને શીખવાડે.
તોફાની દરીયામાં સૌના હલ્લેસાથી સાથે આ હોડી હંકારીએ.
કોઈને'ય નબળા ના ધારીએ.

**- કૃષ્ણ દવે**
(kavikrushnadave@gmail.com)



## ગીત



માટીએ કીધું કે માગ માગ માગે તે
        અબ્બી આલું ને કરું ન્યાલ
ગરમાળે માગ્યો રે સોનેરી પીત
        અને ગુલમ્હોરે લહેરીલો લાલ

ઝાડવાંને જાદુઈ રંગ ચડે, અડકે જો માટીને ભેજ જરી તેજ
ઉનાળે અચરજથી પૂછ્યું કે બાઈ, તને માટી કહું કે રંગરેજ
માટી કે' એવું તો કાંઈ નથી,
        આ તો અમે ચપટી ઉડાડ્યું છે વ્હાલ

કડવાબોલી તેં લીલાશ કરી જીવતરની : લીમડાએ મૂક્યું છે આળ
રંગમાં સ્વાદ જેણે ભેળવ્યો એ માટી પર મરચીનો રંગ કાળઝાળ
માટી કે' એવું તો કાંઈ નથી,
        આ તો અમે બે'ક ઘડી માંડી ધમાલ

**હરીશ મીનાશુ**



ગઈ કાલે બપોરે હું બેઠી હતી ને આંખમાંથી આંસુ સરી ગયું,
એક સ્મિતની શોધમાં નીકળેલું એ રસ્તો ભૂલી ગયું.
ટેબલ પરની લીસ્સી સપાટી પર બેસીને મારી સામે જોયાં કર્યું,
એનાં નાના શા એ અંશમાં મારું ચિત્ર રચી ગયું.
મારી રતુમડી આંખોને જોઈને એ પણ રડી પડ્યું.
ના રહેવાયું તો પછી, વરાળ થઈ ઊડી ગયું.
સુકાઈ ગયું ટેબલ અને સુકાઈ ગઈ આંખો પળવારમાં.
ટેલિફોન રણક્યો ને કરવા પાછું કામ મળી ગયું ...

**- ઋત્વા**

## ૫. દેશદ્રોહી કોને કહીશું?

### પંકજ શાહ

(૧૯૭૪માં વિદ્યાનગરથી બી.ઈ. મિકેનિકલ ભણીને મુંબઈમાં એલ. એન્ડ. ટી. - પવઈમાં નોકરી કરીને નિવૃત્ત થયા છે. તેમનો પુત્ર એન્જિનિયર થઈને અમેરિકામાં સ્થાયી થયો છે.)

વિદેશમાં સ્થાયી થવા માત્રથી કોઈ દેશદ્રોહી નથી થતું. મહત્ત્વનું છે એની વિદેશ જવા પાછળની ભાવના કે ઉદ્દેશ્ય. હા, આપણામાંથી ઘણા ખરા ખાલી આર્થિક ઉપાર્જન માટે વિદેશ સ્થાયી થવાની ઈચ્છા કરી હશે. પણ ઘણા એવા પણ છે જેણે પોતાની સલામતી માટે વિદેશ સ્થાયી થવાની ઈચ્છા દાખવી હોય કે પછી પોતે સત્વનો માર્ગ ટકાવી રાખીને પોતાની કારકીર્દિમાં આગળ વધે એવી ઈચ્છા દાખવી હોય અને આવું કરવામાં દેશદ્રોહ ક્યાંથી? આવું કરીને શું આવો માનવી દેશે શીખવેલા મૂલ્યો ત્યાગે છે? ના, બલ્કે એનું સારી રીતે અનુષ્ઠાન કરવા માટેની યોગ્ય જગ્યા અને પરિસ્થિતિને અપનાવે છે. પક્ષી પણ પોતાના ઈંડાનું રક્ષણ કરવા બને તેટલો પ્રયત્ન કરે છે અને તેમ જ મોટાભાગના પ્રાણી - હકીકતમાં આમ કરવું માણસનો સ્વભાવ છે.

કેમ આપણને લાગે છે કે વિદેશ સ્થાયી થવાથી માણસ દેશદ્રોહી થયો છે? દેશદ્રોહીની વ્યાખ્યા શું? જગ્યા કે મૂલ્યો? અને જ્યાં સુધી દેશને વળતર આપવાનો સવાલ છે - તો કોણે કીધું કે વિદેશમાં સ્થાયી લોકો દેશને યોગ્ય ધન - દાન ન કરી શકે? શું આપણે - વિદેશમાં સ્થાયી લોકો દેશ માટે શિષ્યવૃત્તિની તકો/ફંડ ઊભા ના કરી શકીએ? જે દેશમાંથી બહાર પૈસા માટે જ નીકળ્યો છે, શું એ દેશમાં રહીને દેશનું ભવિષ્ય ઉજ્જવળ કરવાનો છે? જો ફરિયાદ એવી છે કે નાની સંસ્થાને યોગ્ય પાત્ર નથી મળતા - તો સવાલ કદાચ એનાથી મોટો છે. સંસાધનોને સારી રીતે યોગ્ય રીતે જોડવાની જરૂર છે. જેમ કે વિદેશમાં Co-op હોય છે જેનાથી ભણતા ભણતા જ વિદ્યાર્થીને પોતાના ક્ષેત્રમાં કામ કરવાનો અનુભવ મળે. આનાથી વિદ્યાર્થીને પોતાને પણ આગળ સૂઝ પડે. હકીકત એ છે ઘણું ખરું આપણે બાળકોને પાંગળા બનાવી દઈએ છે, ઘણા વિદ્યાર્થીને ભણતરની કિંમત જ નથી, શું તેઓ જીવનમાં કોઈ સ્વપ્ન કે ધ્યેય ખાતર ભણે છે? શિક્ષણના ક્ષેત્રમાં સુધારો કરવાથી આ પરિસ્થિતિને બદલી શકવાનો પ્રયત્ન કરી શકાય. આ સાથે અથવા આનાથી વધારે બાળકોમાં નાનપણથી જ મૂલ્યોને સિંચવાની ઘણી જરૂર છે અને આ માટે ‘Local Heros’, જેની સામે નજરે માંડી શકાય તેની ઘણી જરૂર છે.

બાકી જો Brian-drain અટકાવવો હોય તો દેશને ઘણો આગળ લાવવો પડશે. દેશને સ્ત્રીઓ માટે વધારે સલામતી અને રક્ષણ, ચોખ્ખું વાતાવરણ, ભ્રષ્ટાચારમુક્ત વ્યવહાર સામાન્ય માનવી સહજપણે જીવી શકે અને પોતાના મૂલ્યો જાળવી શકે તેવો બનાવવા પડશે. નવી તકો ઊભી કરવી પડશે, જે માટે નવીનતા લાવવી જરૂરી છે.

હવે સવાલ છે આર્થિક સધ્ધરતાની ચરમ સીમા શું? કોઈ સીમા નથી. આ બતાવે છે માણસની હંમેશા સળવળતી પોતાની ઊણપ. આધ્યાત્મિક ઉન્નતિની જરૂર છે. જો અહીં સુધી માનવી વિચારી શકે તો ખબર પડશે કે હકીકતમાં આધ્યાત્મિક ઉન્નતિ જ માણસનું ધ્યેય છે. અને જો આમ થાય તો માણસનું જીવન ધન્ય થઈ જાય. પોતાના બાળકોને સારા સંસ્કાર આપવા અને પછી મોટા થઈને બાળક જ્યારે મા-બાપની સેવા નહીં પણ પૈસા કે આર્થિક ઉપાર્જનને મહત્ત્વ આપે છે ત્યારે સમાજને આ કાંઈ ગમતું નથી. તો આમાં દોષ કોને દઈશું? બીજું, કદાચ મા-બાપ પણ બાળકોને પકડી રાખવામાં ઓછા દોષી નથી. શું તમને એમ લાગે છે કે વૃદ્ધ મા-બાપ સેવાને રડે છે? હકીકત એમ છે કે માણસ જેમ વૃદ્ધ થાય તેમ બાળક જેવો થઈ જાય છે. હવે એનામાં ભય છે, અસુરક્ષા છે - આમ હોવાને કારણે એને સતત પ્રેમની ઊણપ વર્તાય છે.જુવાનીમાં આર્થિકતાને ઘણે અંશે મહત્ત્વ આપી એમણે પ્રેમની પરિભાષા પોતાનામાં અને પોતાના બાળકોમાં સીંચી નહીં અને હવે તડપે છે પ્રેમ માટે.

સારાંશ - વિદેશમાં સ્થાયી થવાની ઈચ્છાનો અર્થ નથી કે દેશદ્રોહી. દેશના મૂલ્યોની અવગણના કરવી એ જ દેશદ્રોહ ગણાવો જોઈએ. આ મૂલ્યોનું આચરણ થયું હશે તો આર્થિક સધ્ધરતાની નિરર્થકતા સમય જતા, અને ભગવાનનો અનુગ્રહ હશે ત્યારે જણાશે અને છેવટે માણસે જે કરવાનું છે એ માટે હવે આરૂઢ થશે. અધ્યાત્મ માર્ગ પર ચાલવું અને પોતે પોતાના વડે પોતાની ઉન્નતિ કરવી.

(પવઈ, મુંબઈ email : shahpk1953@gmail.com)

## ૬. ઓસ્ટ્રેલિયાનું વિદ્યાર્થીજગત

**પિનલ દેસાઈ**

સમયના દરેક દસકાઓમાં માણસના મનમાં કોઈક વિશેષ વસ્તુ પ્રાપ્ત કરી લેવાની અદમ્ય ઈચ્છા જન્મતી હોય છે. બીજા કરતાં પોતાની પાસે કંઈક વધારે છે એવું તેણે દુનિયાને બતાવી દેવું હોય છે. અગાઉના સમયમાં આ ઈચ્છા માત્ર પદ, પ્રતિષ્ઠા કે પૈસા પૂરતી મર્યાદિત હતી. ટૂંકાગાળાના વિદેશપ્રવાસ કે કાયમી વસવાટની સાથેસાથે ‘વિદેશઅભ્યાસનું મહત્ત્વ પણ એટલું જ વધ્યું છે.

માનવી સાચા અર્થમાં ‘વિશ્વમાનવી’ બનવા જઈ રહ્યો છે. વિશ્વના આંતર બાહ્ય પ્રવાહો સાથે તે સતત પોતાનો તાલ મિલાવી રહ્યો છે. પોતાના જીવન સ્તર પ્રત્યે તે સભાન છે અને દુનિયા સાથે કદમથી કદમ મેળવીને ચાલવા માટે ઉત્સુક છે. જીવનધોરણ ઊંચું લાવવા માટે તે પરિશ્રમ કરવામાં પાછો પડે તેમ નથી. સૌથી આનંદની વાત તો એ છે કે વ્યક્તિની સાહસવૃત્તિ આજકાલ ઘણી વધી છે. ગમે તેવી પરિસ્થિતિમાંથી તે માર્ગ કાઢવા માટે સક્ષમ બન્યો છે. પરંતુ હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આ પ્રગતિ અને વિકાસ તેને

સુખ, શાંતિ અને પ્રસન્નતાના પથ તરફ દોરી જાય છે? શું તે વિકાસની સાથે પોતાના જીવનમાં વિશ્રામનો અનુભવ કરી શક્યો છે? શું તેની શારીરિક તંદુરસ્તી અને માનસિક સ્વસ્થતા તે જાળવી શક્યો છે? કે પછી આ ભૌતિક વસ્તુઓ મેળવવાની દોડમાં પોતાના મૂલ્યો સાથે તે સમાધાન કરી રહ્યો છે? તે 'બદલાઈ' રહ્યો છે કે 'ટેવાઈ રહ્યો છે? - આ એક વિચારવા જેવો વિષય છે.

આજના સમયમાં આપણને પ્રગતિ માટે વર્ષો સુધી રાહ જોવી પાલવે તેમ નથી. દાયકાઓ સુધી એક ટેબલ પર કામ કરીને 'કલાર્ક'માંથી 'ઓફિસર' બનવું એ તો જાણે ઈસવીસન પૂર્વેની વાતો છે! આજના સમયમાં એટલી પ્રતિક્ષા કરવી લગભગ અસંભવ છે. એ જ બાબત અભ્યાસના ક્ષેત્રની છે. હવે તો 'ડિસ્ટિંકશન' આવે એ તો 'બિચારો' કહેવાય છે! નેવું ટકાની નીચેના માર્ક્સ ઘોર નિષ્ફળતામાં ગણાય છે! આ તીવ્રદોટથી પ્રેરાઈને નવી પેઢીના માતા-પિતા બાળકના અભ્યાસ પ્રત્યે પહેલેથી સભાન બને છે. આ સભાનતાને પરિણામે આપણે ત્યાં 'વિદેશ અભ્યાસ'નો એક નવો જ પ્રવાહ છેલ્લા કેટલાક વર્ષોથી અસ્તિત્વમાં આવ્યો છે. અગાઉ ફક્ત જ્વલંત કારકીર્દિ ધરાવતા વિદ્યાર્થીઓ જ પરદેશ અભ્યાસ માટે જતાં, પરંતુ હવે તેવું રહ્યું નથી કારણ કે આજના સમયમાં ફક્ત અભ્યાસ કરવા માટે કોઈ અભ્યાસ કરતું નથી! દરેકનું લક્ષ્ય ઉચ્ચ ગુણવત્તાવાળા જીવનધોરણ, બેંક-બેલેન્સ અને મોજશોખથી ભરેલા જીવન તરફ હોય છે. અભ્યાસ તો આ બધું મેળવવાનું એક સાધન માત્ર બની રહે છે. માતાપિતાને પોતાના સંતાનોને આ દોટમાં સામેલ કરવામાં આનંદ આવતો હોય છે.

વિદેશમાં અભ્યાસ કરવાના કારણો વિશે જો વિચાર કરવામાં આવે તો તેમાં સૌથી પહેલું કારણ માતાપિતાના મનોરથો છે. માતાપિતાના મનોરથો ઘણીવાર સંતાનોના સપનાંઓને 'ઑવરટેક' કરી જતાં હોય છે. ફલાણા કાકા-મામા-માસી-ફોઈની છોકરી કે છોકરો વિદેશ ભણવા માટે ગયો તો આપણે શું કામ પાછળ રહી જઈએ? બેટા, તારે પરદેશ તો જવાનું જ ... અહીં બી.કોમ.ની ડિગ્રી લઈને બેસી રહ્યે દાળ નહીં ઉકળે! ડૉલર ભેગાં થશે તો લાઈફ બની જશે. અમારી જિંદગી તો જેમ તેમ ગઈ, પણ આ મોંઘવારીમાં તમે પૈસા વગર કેમ જીવશો? - આવા 'સંસ્કાર' નવી પેઢીના માતાપિતાઓ પોતાના સંતાનોને રોજ આપતા હોય છે.

પરદેશ અભ્યાસ અર્થે જવા માટે બીજું કારણ છે સંતાનનું મિત્રવર્તુળ. પોતાના મિત્રો-સખીઓને વિદેશ જતાં જોઈને દેશમાં નોકરી કે અભ્યાસ કરતી યુવાપેઢી કંઈક ન પામ્યાની લઘુતાગ્રંથિ અનુભવે છે. એક વાર વિદેશ જઈ આવવું એ પોતે જ ઘણું મોટું 'ક્વોલિફિકેશન' ગણાય છે કારણ કે એનાથી લગ્ન આદિ કાર્યો ઘણાં સરળ થઈ જાય છે. ઉંમર વીતી જાય પછી કદાચ પસ્તાવાનો વારો આવે એ બીકે તેને વિદેશ અભ્યાસની તક ઝડપી લેવી વધારે યોગ્ય લાગે છે.

આ બાબતમાં ત્રીજું કારણ છે 'માધ્યમો અને સુવિધાઓ'. આજકાલ રોજ અખબારોમાં વિશ્વના અનેક દેશોમાં ભણવા માટેની જાહેરખબરો પ્રકાશિત થતી હોય છે. વ્યવસ્થિત સલાહ આપે એવી એજન્સીઓ કાર્યરત થઈ છે અને સૌથી મોટું તો બેંક-લોન ખૂબ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે છે. આ સુવિધાઓનો લાભ કોણ જતો કરે? ફટાફટ એડમિશન લઈ લો, ફી ભરો, વીસા કઢાવો અને ઉપડો.

અહીંનુ વિદ્યાર્થી જગત વિકટ છે. જેને જીવનનો સુવર્ણકાળ ગણવામાં આવે છે તેવી યુવાની અહીં ભવિષ્યની ચિંતામાં, દુનિયાની દોડ અને માતાપિતાના મનોરથો વચ્ચે દબાયેલી પડી છે. શરૂઆતમાં વિદ્યાર્થી અકળાય છે, કંટાળે છે પણ પછી તેને આ સંઘર્ષ કોઠે પડી જાય છે. તેથી બધાની જેમ તે પણ બોલતો થઈ જાય છે કે : 'ટેવાઈ ગયા.' આ ટેવાઈ જવાની ઘટનાને આપણે 'સેટ' થઈ ગયા એમ સમજી ચલાવી લઈએ છીએ. એક વાત ચોક્કસ છે કે અહીં જે વ્યક્તિ સંઘર્ષ કરે છે તેનાથી કદાચ બમણું મેળવે છે પરંતુ આ મેળવવાનો માપદંડ કેવળ 'આર્થિક' જ છે એ વાત વીસરાવી ન જોઈએ. 'ડિજિટલ કેમેરા', 'હેન્ડીકેમ', 'લેપટોપ' જેવા રમકડાંઓ આસાનાથી વસાવી શકાય છે. ઘરવપરાશની વસ્તુઓ, અદ્યતન સાધનો તમે સેલમાંથી સસ્તા ભાવે મેળવી શકો છો. ઘણી વાર તો લોકોએ ત્યજીને ફૂટપાથ પર મૂકેલા ઉપકરણો મફતમાં ઘેર લાવી શકો છો. પણ માણસના જીવનનું ધ્યેય શું ફક્ત આટલા પૂરતું જ સીમિત છે? 'પ્રગતિ' ને હવે કેવળ આપણે આર્થિક ફૂટપટ્ટીથી જ માપીશું? ખરેખર તો પૂરું પેટ ભરવાનો સમય ના મળે, ઉત્સવો માણવાના ન મળે તથા ઘર પરિવારથી દૂર રહીને કેવળ આવકલક્ષી આયોજનમાં સફળ નીવડીએ તેને જીવનની સાચી પ્રગતિ તરીકે મૂલવી શકાય ખરું?

આપણે ત્યાં દેશના અખબારોમાં પાનાંઓ ભરીને વિદેશ અભ્યાસ જવા માટેની જાહેરખબરો ઠલવાતી રહે છે. માતાપિતા વિચારે છે કે ભણવાની સાથે જોબ મળી જાય એના જેવું બીજું રૂડું શું? પરંતુ તેઓ ઉપર જણાવ્યું એમ 'જોબ' શબ્દનો સાચો અર્થ સમજતા નથી. કહેવાય છે 'જોબ' પણ એ હોય છે તો મૂળમાં 'વર્ક' એટલે કે 'લેબરવર્ક'. દીકરા કે દીકરીને જોબ મળી - એવી વાત સાંભળીને નાતમાં માતાપિતાની છાતી ગજગજ ફૂલે છે. માતાપિતા તો માને છે કે સંતાન કમાતું થઈ ગયું એટલે જાણે જંગ જીતી ગયા!

પરદેશ જવું અને કમાવું એ કોઈ ખોટી બાબત નથી, પરંતુ અહીં પ્રશ્ન છે યોગ્ય ઉંમરે યોગ્ય દિશામાં નિર્ણય લેવાનો. પોતાના દેશમાં વ્યક્તિ ભણે, આર્થિક રીતે થોડો સદ્ધર બને અને યોગ્ય ઉંમરે પરિપક્વતા સાથે પરદેશ ભણવા જાય તે તો ખરેખર આવકારદાયક છે. તેનાથી તેની પ્રતિભા વિકસે છે, ઘડાય છે, સ્વતંત્ર નિર્ણય કરતો થાય છે. પોતાના અભ્યાસમાં ઊંડો ઊતરીને વિશ્વને તે કશુંક નવું પ્રદાન કરી શકે છે. પરંતુ માત્ર દેખાદેખી કરીને કે વિદેશ જવાની ઘેલછાને લીધે ૨૨-૨૩ વર્ષના સંતાનોને 'કેરીયર'ની દોડમાં ધકેલવામાં આવે છે તે કેટલા અંશે ઉચિત છે? હું અહીં એવા ઘણા નાની વયના ભારતીય

વિદ્યાર્થીઓને છ કલાક સુધી સાબુના પાણીથી ટાયરો ઘસતા જોઉં છું ત્યારે મારી આંખના ખૂણા ભીનાં થઈ જાય છે. મને લાગે છે કે શું એમના જીવનની હાલત થઈ છે! ન તો માતા-પિતાની હૂંફ, ભાઈ-બહેનોનો પ્રેમ કે ન તો તહેવારોનો આનંદ. પાંચ વર્ષ મોડા કમાતા થઈએ એમાં કયું મોટું આભ તૂટી પડવાનું હતું? પોતાના પગ પર ઊભા રહેવાની શું માણસે આટલી મોટી કિંમત ચૂકવવી પડતી હશે? કેવળ આર્થિક સધ્ધરતાના આયોજન માટે જીવનમાં જે વર્ષો ચાલ્યા જાય છે એને આપણે પાછા લાવી શકીશું ખરા?

મારે આ સંતાનોના માતાપિતાને સીધો પ્રશ્ન પૂછવો છે કે તમને શું લાગે છે, આ બધું બરાબર થાય છે? તમે તમારા સંતાનો પર જે બોજો નાખ્યો છે એના દશમા ભાગનો બોજો પણ તમે એમની ઉંમરના હતા ત્યારે વેઠ્યો હતો ખરો? સંતાનોને પગભર કરવાની ઉતાવળમાં શું તમે સંતાનોના જીવનમાંથી સારું વાંચન, સારું જમવાનું, સાત્વિક કેળવણી, જીવનઘડતર, ઉત્સવપ્રિયતા .. એ બધું નથી છીનવી રહ્યા?

વિદેશ ભણવા જવું એ ખૂબ સારી બાબત છે પરંતુ તેની પાછળ આપણે યથાર્થ દ્દષ્ટિકોણ કેળવાશે તો આપણે તેનો યોગ્ય લાભ ઉઠાવી શકીશું. સ્વસ્થ અને સમ્યક આર્થિક, સામાજિક આયોજન માટે જીવનના તમામ પાસાઓ પર દ્દષ્ટિ રાખવી અત્યંત જરૂરી બને છે. આ માટે માતા પિતા અને વિદેશ જનાર સંતાન યોગ્ય અને પૂરતી માહિતી મેળવે તે સૌથી અગત્યની બાબત છે તેમ મને લાગે છે. સમય-સંજોગોથી પ્રભાવિત થયા વિના, જાગૃતિ અને વિવેકથી જો જીવનના પથ પર ચાલીશું તો સફળતાની સાથે શાંતિ અને સ્વસ્થતાને પણ પામી શકીશું. (pinal1425@gmail.com)

## ૭. સિદ્ધાંતો અને આર્થિક જીવન

### ધ્રુવ દોશી

જીવન સિદ્ધાંતોથી વિશાળ છે. પાયાના સિદ્ધાંતો જરૂર જીવન સંવર્ધક છે. પણ દેશપ્રેમ માનવ પ્રેમ જેટલો પાયાનો નથી. સામાન્ય માનવી પોતે જે જીવે છે તે જ સાચુ છે, એવો તર્ક શોધી લે છે. ઠીક છે, પણ જ્યારે પોતાને જે જીવન નથી મળ્યું તે અયોગ્ય છે તેવો તર્ક શોધવો અને પ્રસારવો તે ઈર્ષાને લઈને છે. તેમ કરવું ઉચિત નથી પણ માનવ સહજ છે. આવા બે મતોની ચર્ચા સમયનો વ્યય છે. બહુધા જીવન આર્થિક સિદ્ધાંતોને વશ હોય છે. બાકી વીરલા તો રહેવાના જ. તેમને કોઈ તર્કની જરૂર પડતી નથી.

પહેલા ગામડેથી શહેર જનારા માટે વિવાદ થતા. હવે પરદેશ માટે થાય છે. સ્વચ્છ, લાંચરૂશ્વતમુક્ત, વિકાસશીલ ભારત સૌને આકર્ષિત કરે. બાકી જે છે તેને આર્થિક વાસ્તવિકતા માની લેવી હિતાવહ છે.

રાષ્ટ્રપ્રેમ એક હદથી વધુ ત્યાજ્ય છે. (આણંદ. dhruv1953@yahoo.com)

# ૮. આવો, 'બ્રેઈન ગેઈન' શરૂ કરીએ

**અરુણ શેવરે**

(અરુણભાઈ અમદાવાદની એક મોટી ઈન્ડસ્ટ્રીઝના CEO તરીકે નિવૃત્ત થયેલા છે. તેમની બંને દીકરીઓ નિરમામાંથી એન્જિનિયર થઈને અમેરિકા વધુ ભણવા ગયેલી અને પછી તેના પતિ સાથે ત્યાંજ સ્થાયી છે.)

આપણી સંસ્કૃતિના પાયાઓમાં એક પાયો છે वसुधैव कुटुंबकम्. ઐતિહાસિક રીતે આપણે ત્યાં વિવિધ દેશો, જાતિઓના લોકોનું, સભ્યતાઓનું અને વિચારોનું આદાનપ્રદાન રહ્યું છે. આથી આપણે હવે કૂપમંડૂક વૃત્તિ છોડી દઈએ.

'બ્રેઈન ડ્રેઈન'ની સાથે 'બ્રેઈન ગેઈન' પણ શરૂ થયું છે અને એને કારણે આપણો દેશ આધુનિક વિચારો અને ઔદ્યોગિક સાહસોના મીઠા ફળો પણ ચાખી રહ્યો છે.

દેશમાં કુશળ અને વધુ ભણેલા લોકોની અછતનું કારણ આપણી ભ્રષ્ટ શૈક્ષણિક પદ્ધતિઓ છે, બ્રેઈન ડ્રેઈન નહિ.

આપણા સમાજમાં અને વ્યાવસાયિક સંસ્થાઓમાં કામ કરવા માટેનું પ્રોત્સાહન નથી આપતા. આવામાં જેની પાસે કંઈક નવું કરવાની વૃત્તિ, ક્ષમતા છે તે ગૂંગળાઈ જાય છે.

આપણે શ્રમને (બ્લૂ કલરના કાર્યોને) આદર નથી આપતા. ચાલો, આપણે આપણી માનસિકતા બદલીએ. જો શ્રમપ્રધાન કામોને સમાજમાં સન્માનીય ઓળખ આપીશું તો આપણે જોઈ શકીશું કે તેઓમાં ઘણી કુનેહ ખીલી ઊઠશે.

ચાલો, આપણે ઉત્પાદન કાર્યનું એવું વાતાવરણ સર્જીએ કે જ્યાં નવીનતા હોય, શ્રમનું ગૌરવ હોય, ઊંચી કક્ષાનું અને સર્વેને સુલભ એવું શિક્ષણ હોય, ભ્રષ્ટાચારમુક્ત અને રાજકારણથી અલિપ્ત એવી સામાજિક અને શૈક્ષણિક વ્યવસ્થા હોય. તો 'બ્રેઈન ગેઈન' આપમેળે શરૂ થઈ જશે. ઉલ્ટાનું, આપણે વધુ સારી કુનેહ અને કૌશલ્ય ધરાવતા લોકોને આકર્ષી શકીશું. ચીન, કોરિયા, ફિનલેન્ડ વિગેરે તેના ઉદાહરણો છે.

(અમદાવાદ. email : arunsheorey@yahoo.com)

## અગત્યની સૂચના :

હવે પછીથી વિચારવલોણું ઓફિસનો નંબર "૦૭૯-૩૦૧૨૨૭૩૬" ને બદલે **"૯૯૧૩૨૩૯૬૫૭"** રહેશે. જેની સૌ વાચકમિત્રોએ નોંધ લેવી.

## વૈવિધ્ય

# ૧. હિંદુ લગ્નપ્રથામાં રિવાજનું આંધળું અનુકરણ

**અશોક વિદ્વાંસ**

એક હિંદુ લગ્નમાં અમેરિકામાં, કેલિફોર્નિયા જેવા અતિપ્રગતિશીલ પ્રદેશમાં મેં એક પુરાતન રિવાજનું આંધળું અનુકરણ જોયું.

જૈન કુટુંબની એક યુવતીના એક તમિળ-બ્રાહ્મણ યુવક સાથેના લગ્નનો એ પ્રસંગ હતો. વિધીવત બધું ચાલી રહ્યું હતું અને વરરાજાને માંડવામાં 'પધારવા'નો પ્રસંગ આવ્યો. આ લગ્ન સાનફ્રાન્સિસ્કોની એક ખૂબ જ અદ્યતન હોટેલના એક વિશાળ ખંડમાં થઈ રહ્યા હતા. હોલ એર-કન્ડિશન્ડ હતો અને ત્યાં તડકો, તાપ, વરસાદ કે ધૂળનું નામનિશાન ન હતુ. હોલના મોટા વિશાળ બારણામાંથી વરરાજા પ્રવેશ્યા. એમની પાછળ એક યુવાન છત્રી સાથે દાખલ થયો. હોલમાં પ્રવેશતાં જ એ ભાઈએ છત્રી ઉઘાડી, એને વરરાજાના માથે છત્ર રૂપે ધરી. ધીમા, ગંભીર દસ-બાર ડગલા ભરીને એ વરરાજા માંડવામાં પ્રવેશ્યા અને વિધી આગળ ચાલી.

હું આશ્ચર્યના ધક્કા સાથે એ આખો બનાવ અવાક બનીને જોઈ રહ્યો. એકવીસમી સદીમાં આઈ.ટી.માં જ્યાં રોજ નવાં નવાં શિખર સર થાય છે એવી વૈજ્ઞાનિક વિચારધારા ધરાવતા સમાજમાં પ્રાચીન રિવાજનું આવું આંધળું ને બેહુદું અનુકરણ?!!

હા, એક જમાનામાં જ્યારે ગામડાના ધૂળિયા રસ્તે, તાપ કે વરસાદમાં ચાલીને વરરાજા લગ્નમંડપ સુધી જતા હશે ત્યારે આ રીતે એમના માથે છત્રી ધરવાનું જરૂર યોગ્ય હશે. પણ એર-કન્ડિશન્ડ હોટેલના વિશાળ ખંડમાં દસ ડગલા ચાલી પરણવા જનારા વરરાજા માટે આ રિવાજ પાળવો જરૂરી છે? અલબત્ત નહીં.

આપણે આવી બંધિયાર મનોદશામાંથી ક્યારે મુક્ત થઈશું?

**અમેરિકામાં ભારતીય તથા અન્ય સમાજમાં લગ્ન પ્રસંગો**

પાછલા આશરે ૩૫ વર્ષથી હું અમેરિકાના ન્યુ-જર્સી ભાગમાં રહું છું. પરિણામે અનેક હિંદુ તેમજ અલ્પ સંખ્યામાં ક્રિશ્ચિયન તથા મુસ્લિમ સમાજના લગ્નપ્રસંગોમાં હાજરી આપી છે. એમાં જોયેલ કેટલીક વાતો.

''લગ્ન તો ખૂબ ધામધૂમથી, ભપકાદાર રીતે જ ઉજવવા જોઈએ.'' આ મત અને આ લાગણી અહીં મોટા ભાગના ભારતીય કુટુંબોમાં પ્રચલિત છે. મોટી સંખ્યામાં મિત્રોને એકાદ અદ્યતન હોટેલ કે ''કન્ટ્રી કલબ''માં આમંત્રી ખૂબ ભભકાદાર વિધી સાથે લાખો

ડૉલર ખર્ચ કરીને લગ્ન ઉજવવા એ વાત સામાન્ય બની છે. ઉભય પક્ષે કપડાં અને દાગીનાનો ઠઠારો, વિવિધ જાતના વાઈન સહિત મોંઘાદાટ પીણાંની રેલમછેલ, મોટી થાળીમાં પણ સમાઈ ન શકે એટલી બધી વાનગી ભરેલાં ડીનર્સ, આ બધી જ સાવ સામાન્ય વાત બની ગઈ છે. તમે 'કાંકરીચાળો'માં નોંધ્યું છે તેમ, આ બધાને કારણે ઈવેન્ટ મેનેજમેન્ટથી માંડીને ફોટો તથા વિડીયો ગ્રાફી, ડેકોરેશન, ફૂડ કેટરીંગ - વગેરે અનેક ધંધાને પોષણ મળે છે અને સમાજ પૂરા આનંદથી આ બધું માણે છે. આમાં દેખાદેખીને કારણે ઘણા લોકો ખેંચાતા હશે એવી શક્યતા છે. પણ મને આ પ્રથામાં બે સબળ બાજુ દેખાય છે. એક, આશરે ચાળીસેક વર્ષ અગાઉ અહીં આવી, ખૂબ હાડમારીમાંથી પસાર થયા પછી હવે આપણો ભારતીય સમાજ અહીં સ્થિર અને પગભર થયો છે. એ સ્થિતિમાં લોકોને પોતાની સફળતાનો ઉત્સવ મનાવવાનું મન થાય તો એમાં અયોગ્ય શું છે? બીજું, આવા કોઈ પણ લગ્ન ઉજવનારા મા-બાપ દેવું કરીને આવો ખર્ચ નથી કરતાં. આ દૃષ્ટિએ વિચારતાં મને હાલમાં અમેરિકાના ભારતીય અને હિંદુ સમાજમાં પ્રચલિત લગ્ન પ્રથામાં ખાસ કશું અયોગ્ય નથી લાગતું.

અલબત્ત, હું જરૂર એમ ઈચ્છું કે લગ્નમાં આવો અઢળક ખર્ચ કરનાર લોકો પોતાની વાર્ષિક આવકના ૩ થી ૪% જાહેર આરોગ્ય, સામાજિક સ્વચ્છતા, જાહેર કેળવણી - અથવા એવા સમાજને ઉપયોગી કોઈ પ્રકલ્પમાં ખર્ચ કરે અથવા દાન આપે તો અહીં દૂર બેસીને ભારત વિષે ટીકા કરવા કરતા ઘણું ઉપયોગી કામ થાય.

છેલ્લે, લગ્ન, અંત્યેષ્ટિ, ગૃહપ્રવેશ વગેરે પ્રસંગો વખતે જે (સમજ્યા વગરની) ધાર્મિક ક્રિયાઓ થાય છે એ પણ બહુ બેહુદું લાગે છે. જેમણે કશું સમજ્યા વગર જ સંસ્કૃત ગોખી કાઢ્યું હોય એવા કહેવાતા 'પંડિતો'ના અશુદ્ધ ઉચ્ચાર અને એવી જ સમજ્યા વગર કરાતી - કરાવવામાં આવતી ધાર્મિક ક્રિયા - એ બધું બતાવે છે કે આપણા ધર્માચરણમાં ઘણીવાર માત્ર આંધળું અનુકરણ જ હોય છે!!

આપણા લગ્નો આપણે જરૂર મહાલીએ અને માણીએ, ધાર્મિક પ્રથા જરૂર અનુસરીએ પણ આ બધી વાતોનું આંધળું અનુકરણ ન કરીએ તો કેટલું સારું!!!

(ઈસ્ટ વિન્ડસર, ન્યુ જર્સી, યુ.એસ.એ. email : ashok@vidwans.com)

## ૨. અજ્ઞાનતા અને ગરીબી

### ધીરુભાઈ શાહ

ભારતમાં યાંત્રિક અને ટેકનિકલ ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ છે અને થઈ રહી છે. પરંતુ સામાન્ય અને ગરીબ લોકોના ક્ષેત્રે ઘણી જ ઓછી પ્રગતિ થઈ છે. હજુ પણ લાખો લોકો

કેળવણીના અભાવે અજ્ઞાન છે, ગરીબ છે અને અન્ન તેમજ પીવાના પાણીની અછત ભોગવી રહ્યા છે.

અજ્ઞાનતાને લીધે લોકો ગરીબ રહે છે, ગંદા રહે છે, માંદા રહે છે અને સંતતિમાં વધારો કરતા હોવાથી દેશને ભારરૂપ બને છે. માંદાની માવજત માટે સરકાર તરફથી લાખો દવાખાનાં ખોલવામાં આવે છે, છતાં દર વર્ષે લાખો બાળકો, સ્ત્રીઓ અને પુરુષો સારવારના અભાવે મરણ પામે છે.

આ ઉપરાંત અજ્ઞાનતા અને ગરીબીને લીધે ઘણા લોકો ચોરી, લૂંટફાટ, દાણચોરી, મારામારી અને બીજાં ગુનાહિત કૃત્યો ભણી વળે છે. આ કૃત્યોને રોકવા માટે સરકાર તરફથી પોલીસ અને કોર્ટો ઊભી કરવામાં આવે છે અને લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, જેનો ભાર સામાન્ય જનતાને વેઠવો પડે છે.

જો દરેકને ભણાવવામાં અને કેળવવામાં આવે તો માંદગીના કેસોની અને ગુનાહિત કૃત્યોની સંખ્યા ઘટી જાય. ઉપરાંત વસ્તી વધારો પણ કાબૂમાં આવે. પરિણામે દવાખાનાં, પોલીસ તેમજ કોર્ટોની સંખ્યા ઘટી જાય અને સરકારનો ખર્ચ પણ ઘટી જાય. આ માટે આપણું કેરાલા રાજ્ય ભારત અને એશિયા માટે ઉત્તમ દૃષ્ટાંતરૂપ છે. કેરાલા રાજ્યમાં કેળવણીને પ્રથમ સ્થાન અપાતાં અને ભણતર વધતાં ગુનાઓ ઘટ્યા છે, વસ્તી કાબૂમાં છે અને નોકરી-ધંધામાં આવક વધી છે.

સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો, ''જો લોકો કેળવણી માટે આગળ ના આવે તો કેળવણી ખાતાએ લોકો પાસે જવું જોઈએ અને અજ્ઞાનતાને જડમૂળમાંથી કાઢવી જોઈએ.'' જો કોઈનાં બાળકો શાળાએ આવતાં ના હોય તો ગામના સરપંચે, ગ્રામ સેવક-સેવિકાએ અને શાળાના શિક્ષકોએ બાળકોના વાલીઓને સમજાવીને બાળકોને શાળાએ આવતાં કરવાં જોઈએ. તેમજ જે ગામમાં નિરક્ષરતાના ટકા ઓછા હોય તે ગામને, સરકારે ઈનામ આપવું જોઈએ અને તે ગામની સેવાને બિરદાવવી જોઈએ.

આ ઉપરાંત લાગતા-વળગતા ગામોના ધારાસભ્યોની તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતોના પ્રમુખોની અને સભ્યોની ફરજ હોવી જોઈએ કે તેમના વિસ્તારમાં કોઈ બાળક કે બાલિકા અભણ રહેવાં ના જોઈએ. તે દરેક ઓછામાં ઓછા સાત ધોરણ અથવા એસ.એસ.સી. કે વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. રાજ્ય સરકારોએ પણ આ બાબતમાં પૂરતી કાળજી લેવી જોઈએ અને દર વર્ષે પૂરતું કેળવણી ફંડ ફાળવવું જોઈએ.

''નિર્ધન લોક નહિ દુ:ખિયા, અજ્ઞાને લોક દુ:ખિયા.''

(હ્યુસ્ટન-ટેક્સાસ, યુ.એસ.એ. ફોન : (૨૮૧) ૨૪૨૮૪૮૪.
email : dinesh@shahcompanies.com)

# ૩. ખુદા બેઠા વાટમાં - ગજ - કાતર હાથમાં ...

પ્રિ. અમીચંદભાઈ શા. પટેલ

અમને ખુદા શબ્દમાં કંઈક અલૌકિક સ્વાનુભૂતિ થાય છે. એટલે તો પર્યાવરણ ભક્તિમાં અમે ગાઈએ છીએ :

''ખુદા ને આદમી વચ્ચે તફાવત છે બહુ થોડો,
બનાવ્યું છે જગત એકે અને બીજો બગાડે છે!''

એટલે જ 'ખુદને જાણે તે ખુદાને જાણે ને!' ખુદને જાણવું એટલે નિજ આત્માને ઓળખવો. જે. કૃષ્ણમૂર્તિએ તો 'Know Thy Self' આત્માને, તારી જાતને ઓળખ' ગ્રંથ દ્વારા માનવીને ઘણો ચેતવ્યો છે. પણ એમ માણસ સહજ રીતે પોતાની જાતને ઓળખવા મથે તો તે માણસ શાનો? એ તો બસ હરદમ પોતાનાં મનગમતાં કતૃત્વોમાં જ રચ્યોપચ્યો રહે છે અને કુદરતની આ સુંદર સૃષ્ટિનું જતન કરવાની જવાબદારીથી ભાગતો ફરે છે.

પણ ખુદા આ બધું બરાબર નિહાળે જ છે. એટલે અમને દિવ્યભાસ્કરની 'ખુદા બેઠા વાટમાં, ગજ-કાતર હાથમાં' ઉક્તિ બરાબર સ્પર્શી ગઈ. માણસ પોતાની અધૂરપ સમજ્યા વિના બસ હરદમ કુદરત સામે ફરિયાદ જ કર્યા કરે છે! પણ કવિશ્રી નાથાલાલ દવે તેનો સરસ જવાબ આપે છે :

'તું તારી મુસીહત તણી ફરિયાદ શું કરે?
કુદરત બધી યે વાતનો હિસાબ રાખે છે!
ધોમ ધખ્યો આકરો લાગે તને તુજ શિર પરે,
જો પણે આંબા પર મઝાની સાખ પાકે છે!

ઉનાળાના ધખધખતા - બળબળતા તાપ વિના આમ્રફળ - કેરી પાકે નહિ અને ધરતીમાતા વરસાદથી લીલીછમ હરિયાળી ચાદર બિછાવે નહિ.

'ખુદા બેઠા વાટમાં, ગજ - કાતર હાથમાં' આ ટચુકડી ઉક્તિમાં માણસની કર્મના સિદ્ધાંતની માર્મિક વાત ગૂંથાયેલી છે. પણ સમજે તો શાણો નહિતર કરમનો કાણો! હીરાભાઈ ઠક્કરે આપણને 'કર્મના સિદ્ધાંત'નું પુસ્તક અર્પી અનેરી સેવા બજાવી છે. ભગવદ્ગીતામાં પણ કર્મની જ વાત ગહન રીતે શ્રીકૃષ્ણે અર્જુન દ્વારા સમજાવી છે. સારું કર્મ એ તો યજ્ઞકાર્ય છે અને તેથી જ 'કર્મ એ જ ધર્મ'ની સૂક્ષ્મ વાત વર્તન-વ્યવહારમાં આચરી 'आचारः प्रथमो धर्मः' જીવનસૂત્ર સ્વીકારવાનું છે.

માણસ જો તેના સત્કર્મની જવાબદારી બજાવ્યા વગર કુકર્મોના રાફડામાં વીંટળાયેલો જ રહેશે તો તેને પોતાનાં કુકર્મોનું ફળ ભોગવે જ છુટકો છે. દાદા

ભગવાન જેવા અક્રમ વિજ્ઞાનીએ આ વાત 'ભોગવે તેની ભૂલ' અને 'બન્યું એ જ ન્યાય' અધ્યાત્મ પુસ્તિકાઓ દ્વારા સરસ સમજાવી છે. જો કે કેટલાક તત્ત્વચિંતકો આ વાતને નકારતાં કહે છે કે બળાત્કાર, ખૂન, અકસ્માત કરી ભાગી છુટનારા કે ભ્રષ્ટાચાર દ્વારા સમાજ અને રાષ્ટ્રનું હીર ચૂસનારા તો કેવા પૈસા અને વગસગને સહારે ફુલ્યાફાલ્યા અલમસ્ત થઈને ફરે છે!

પણ ખુદાકે ઘર દેર હૈ, અંધેર નહિ. સંચિત પુણ્યકર્મો દ્વારા પાપી, હિંસક કે શોષક કેટલોક સમય ટકવાનો ભ્રમ ભલે ભાસે પણ અંતે તો દૂધના દૂધમાં અને પાણીના પાણીમાં જ છે. ભલભલા મહારથીઓ અને સંતમહાત્માઓને પણ 'કર્મના સિદ્ધાંત' મુજબ દેહના દંડ ભોગવવા જ પડે છે! એટલે જ 'ખુદા બેઠા વાટમાં, ગજ - કાતર હાથમાં' ઉક્તિ સાચી અને સચોટ છે. 'કુદરત બધીયે વાતનો હિસાબ રાખે છે' એ સમજીને માવતરની દિલદાર સેવા કરનાર શ્રવણ અવશ્ય સંસાર તરી જ જાય. નહિતર છેવટે તો 'મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપલિયા' એ ખરતાં પીપળપાનની વાત જ ખરી પડે છે ને!

વિકટર હ્યુગો નામનો ચિંતક કહે છે કે વિશ્વનાં તમામ લશ્કરો કરતાં એક વસ્તુ વધુ બળવાન છે અને એ છે સુવેળાનો વિચાર. વિચાર એ એક મહાશક્તિ છે અને ઉત્તમ વિચાર તો સોનામહોર કરતાં પણ વધુ કિંમતી છે, કારણ કે તેનાથી જીવનમાં સમૂળી ક્રાંતિ થાય છે. આવો એક સરસ વિચાર એ આત્મશુદ્ધિનો છે. શુદ્ધાત્મા જેવી કોઈ માસ્ટર કી નથી. શંકરાચાર્ય, શુકદેવ કે જ્ઞાનદેવ બાળક હતા ત્યારથી જ એમના શુદ્ધ સ્વરૂપને લીધે પરમનો સ્પર્શ પામ્યા હતા. અંતરખોજથી આત્મશુદ્ધિ થાય છે.

એક ગઝલકારે ગાયું છે :

'અંતર કે આયને કી જબ સફાઈ હો જાયેંગી,
બાદશાહી તો ક્યા ખુદ ખુદાઈ મિલ જાયેગી'.

ખરા સુખશાંતિ અંતરમાં છે, આત્મામાં છે, જે બહાર શોધવાથી કદી મળતાં નથી. જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું. આત્મસ્વરૂપ જ સાચો ગુરુ છે જે જ્ઞાનરૂપ પ્રકાશ આપે છે.

ચાલો, જાગ્યા ત્યારથી સવાર સમજી આપણાં સત્કર્મો થકી આપણા પરિવાર, સમાજ અને રાષ્ટ્રના કલ્યાણાર્થે કંઈક કરી છૂટીએ અને ખુદને ખુદામાં પલટવા મથીએ.

ખુદા આપણા સૌને એવી ગતિ - મતિ બક્ષો એ જ અંતરની અભ્યર્થના.

('સુમંગલમ્', ૫૧, લક્ષ્મીનારાયણ સોસાયટી, મહાવીરનગર,
હિંમતનગર-૩૮૩૦૦૧. ફોન : (૦૨૭૭૨) ૨૩૫૦૦૨)

## ૪. સંબંધનો સેતુ

સુવર્ણા શાહ

માનવીનો જન્મ થાય ત્યારથી જ તેનો સંબંધનો સેતુ માતા સાથે બંધાઈ જતો હોય છે. પછી એની મેળે એની આસપાસ અનેક સંબંધના સેતુ બંધાતા જાય છે. લોહીના સંબંધો બંધાતા હોય છે. આસપાસ સગાંવહાલાં થઈ જાય. સગા હોય તે વહાલા હોતા નથી અને વહાલા હોય તે સગા હોતા નથી.

સંબંધનું સરોવર રચાતું જાય છે. શાળામાં જવાનું થાય ત્યારે શાળાના સંબંધનો સેતુ બંધાય છે. દુશ્મની પણ એક પ્રકારનો સંબંધ છે. માનવીય સંબંધને બગડતા વાર નથી લાગતી. ક્યારેક સંબંધો વિકૃત પણ બની જાય. સંબંધ અગણિત રૂપ છે. પડોશી સાથેનો સંબંધ, ટ્રેઈનમાં કે પ્લેનમાં ક્ષણિક સંબંધ બંધાતો હોય છે. સંસ્થા સાથેનો સંબંધ, નોકર અને માલિકનો સંબંધ, જીવનનો મરણ સાથે સંબંધ. હવે તો ઈન્ટરનેટ રિલેશનશીપ બંધાય છે. કેટલાકને પત્રમૈત્રી થતી હોય છે. કોઈ મળ્યા ન હોય તો પણ પત્રમૈત્રી દ્વારા વધુ લાંબા સંબંધો બંધાતા હોય છે. અને તે સંબંધો અંત સુધી ટકેલા રહેતા હોય છે.

ઘર સાથેનો સંબંધ વિશિષ્ટ હોય છે. કોઈ મુસાફરી કરવા નીકળે અને વધુ સમય બહાર રહેતા એને ઘરનો ઝુરાપો વળગે છે. સાવકી મા સાથેનો સંબંધ અને દત્તક સંતાનો સાથેનો સંબંધ. દત્તક લીધા પછી અમુક વર્ષે સંતાનને કહેવામાં આવે છે કે તું દત્તકપુત્ર કે દત્તકપુત્રી છે તો મોટે ભાગે આ સંબંધનો સેતુ બંધાયેલો રહે છે.

પાળેલા પશુ પક્ષી સાથેનો સંબંધ અજોડ હોય છે. કૂતરાની વફાદારી ઘણી જ હોય છે. ડૉકટર અને દર્દીના સંબંધમાં પારદર્શકતા ન હોય તો ડૉકટર-દર્દીની સાચી માવજત ન કરી શકે. વક્તા અને શ્રોતાનો સંબંધ સામુદાયિક છે. નાટકના કલાકારો અને પ્રેક્ષકનો સંબંધ વિશિષ્ટ છે. ગાયક અને શ્રોતાનો સંબંધ પણ વિશિષ્ટ છે. દુકાનદાર અને ગ્રાહક સાથેનો સંબંધ. આ બધા સંબંધમાં લેવડ-દેવડ હોય કે ન હોય, પણ એ સંબંધનું પણ એક સ્વરૂપ હોય છે. કેટલાક સંબંધો કાયમના હોય છે. કેટલાક સંબંધો ઝાકળ જેવા હોય છે. બાળપણમાં નિર્જીવ રમકડાં સાથે સજીવ સંબંધ હોય છે. મિત્રના પુત્ર, પુત્રી અને પત્ની સાથે નિરામય સંબંધ હોઈ શકે.

સંબંધનો સેતુ દરેક માનવીનો એકબીજા સાથે બંધાયેલો રહે તો સંબંધ તૂટવાનો કે ખોવાવાનો ડર ન રહે.

## વિચારવલોણું પરિવાર દ્વારા પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ (મૂ.લે.જિમ સ્ટેવેલ) | અનુ. મનસુખ રીંડાણી | રૂા. ૨૦/- |
| ૦૨ | લાવણ્યા(મૂ.લે.રવીન્દ્રનાથ ટાગોર) | અનુકલન : માવજી કે. સાવલા | રૂા. ૩૦/- |
| ૦૩ | સંવાદ (ગુજરાતી) | સારસંક્ષિપ્ત : મુનિ દવે | રૂા. ૨૫/- |
| ૦૪ | ડૉ. વિક્રમ સારાભાઈ | ડૉ. પદ્મનાભ જોષી | રૂા. ૪૫/- |
| ૦૫ | યાન્ની | સારાનુવાદ : કલ્પના શાહ | રૂા. ૩૫/- |
| ૦૬ | અલબેલી | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૩૦/- |
| ૦૭ | ભીતરનું સામર્થ્ય | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૦૮ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂા. ૩૫/- |
| ૦૯ | આત્મા-પરમાત્મા, જન્મ-પુનર્જન્મ | સંપાદક : હિરાલાલ વરિયા | રૂા. ૫૫/- |
| ૧૦ | બહાનાં ના કાઢ દોસ્ત | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦/- |
| ૧૧ | સ્વીકારથી ચમત્કાર | સંક્ષિપ્ત : ડૉ. વિપુલ દેસાઈ | રૂા. ૩૫/- |
| ૧૨ | ક્ષિતિજની ધાર પર | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૧૩ | મુક્ત ગગનની બારી | હરેશ ધોળકિયા | રૂા. ૩૫/- |
| ૧૪ | સંબંધોની ઉષ્મા | માવજીભાઈ સાવલા | રૂા. ૪૦/- |
| ૧૫ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂા. ૩૫/- |
| ૧૬ | મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના | અનુ. અમી કંદર્પ પંડ્યા | રૂા. ૩૦/- |
| ૧૭ | આયુર્વેદના પાયા | બાલકૃષ્ણ વૈદ્ય | રૂા. ૩૫/- |
| ૧૮ | ''હા'' કે ''ના'' | અનુવાદક : દર્શા કીકાણી | રૂા. ૩૫/- |
| ૧૯. | મૃત્યુ પછી આત્માની સ્થિતિ | અનુ. કરસનભાઈ પટેલ | રૂા. ૩૫/- |
| ૨૦. | જ્યોતિર્ગમય | ભાવાનુવાદક : અશોક શર્મા | રૂા. ૨૫/- |
| ૨૧. | કળાનો આસ્વાદ | સંપાદક : મુનિ દવે | રૂા. ૪૦/- |

**આપનું લવાજમ પૂરું થાય છે?**

કેટલાક સભ્યોનું લવાજમ ડિસેમ્બર-૨૦૧૬માં પૂરું થઈ રહ્યું છે. જો આપનું લવાજમ આ અંક સાથે પૂરું થતું હોય તો સત્વરે વિચારવલોણું પરિવારની ઓફિસે ચેક અથવા તો મની ઓર્ડર કે રોકડેથી મોકલી આપશો. લવાજમ મોકલતી વખતે આપના નામના પ્રથમાક્ષર સાથેનો આપનો સભ્ય ક્રમાંક અવશ્ય લખશો. આપના અંકોની ફાઈલ નિયમિત જળવાઈ રહે તે માટે લવાજમ સમયસર રિન્યૂ કરાવવાનો આગ્રહ રાખશો.

**જે સભ્યોનું લવાજમ ડિસેમ્બર-૨૦૧૬માં પૂરું થઈ ગયેલ હશે. તે સભ્યોને ફેબ્રુઆરી ૨૦૧૭થી અંક મળશે નહીં તેની નોંધ લેવી.** **- વ્યવસ્થાપકશ્રી.**

# પૈસાની પહોંચ ક્યાં સુધી - 'વૉટ મની કાન્ટ બાય' પુસ્તક શું કહે છે?

**સોનલ પરીખ**

'યું ખીંચ ન મુઝે અપની તરફ બેબસ કર કે, ઐસા ન હો કિ ખુદ સે ભી બિછડ જાઉં ઔર તૂ ભી ન મિલે' : આજે આ પંક્તિનો ભાવાર્થ એવો થવાનો સંભવ વધારે છે કે કવિને એટીએમની લાઈનમાંથી દૂર પડેલી સો રૂપિયાની નોટ દેખાઈ રહી છે. કવિને એ લેવાનું મન થાય છે, પણ તે વિચારે છે, નકલી હશે તો નોટ પણ જશે ને લાઈન પણ - ખુદ સે ભી બિછડ જાઉં ઔર તૂ ભી ન મિલે ...

વિમુદ્રીકરણે દેશને જબરજસ્ત હલાવી નાખ્યો છે. માણસ નવેસરથી પોતાનો પૈસા સાથેનો સંબંધ વિચારતો થયો છે. યોગાનુયોગ આ દિવસોમાં હાથમાં એક પુસ્તક આવ્યું : 'વૉટ મની કાન્ટ બાય - ધ મૉરલ લિમિટ્સ ઑફ માર્કેટ' આજે તેની જ વાત કરીએ. આ પુસ્તકના લેખક માઈકલ સેન્ડલ અમેરિકાના પોલિટિકલ ફિલોસોફર અને હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર છે. તેઓ કહે છે કે આપણે એક એવા સમયમાં જીવી રહ્યા છીએ જેમાં પૈસો સર્વસ્વ છે. લગભગ બધું જ ખરીદાય છે ને બધું જ વેચાય છે. જન્મ, કારકિર્દી, પરિવાર, પ્રવાસ, બીમારી, વૃદ્ધત્વ, મૃત્યુ-જીવનના દરેક તબક્કે તમારી સાથે સોદા થાય છે. એક તરફ સુવિધાઓ પૂરી પડાય છે, બીજી તરફ સંવેદનાની સૂકવણી થાય છે. દુનિયાભરમાં બજાર અને રોકાણ, નાણાં અને ખરીદવેચાણની ધાંધલ ચાલે છે. નૈતિક મૂલ્યો ક્યાં હડસેલાઈ ગયાં છે તેનો પત્તો લાગતો નથી. એક તરફ ફ્રી માર્કેટ ફન્ડામેન્ટલિઝમ અને બીજી તરફ નીતિશૂન્યતા વચ્ચે માનવજાત પીસાઈ રહી છે. બજાર, જે બજારુ નથી તેવાં ક્ષેત્રો - આરોગ્ય, શિક્ષણ, કાયદો, રાજકારણ, કલા, રમત પર પણ સવાર થઈ ગયું છે.

'વૉટ મની કાન્ટ બાય' ઉદાહરણ આપે છે : ૧૯૯૯માં વૉલમાર્ટ કંપનીનો કર્મચારી ગ્રાહકને ટીવી કાર સુધી પહોંચાડવામાં મદદ કરતો હતો ત્યારે પડી ગયો. અઠવાડિયા પછી તેનું મૃત્યુ થયું. વીમા કંપનીએ ત્રણ લાખ ડૉલર ચૂકવ્યા - કર્મચારીના પરિવારને નહીં, વૉલમાર્ટ કંપનીને! કેસ થયો ત્યારે બહાર આવ્યું કે વૉલમાર્ટે હજારો કર્મચારીઓના નામે વીમાપૉલિસી ખરીદી હતી. એટલે કે જ્યારે કોઈ કર્મચારી મૃત્યુ પામે, કંપની કમાણી કરી લેતી હતી. વીમા કંપનીઓ આવી પૉલિસી પણ વેચે છે, જે તમારા નામે, પણ બીજા કોઈના ફાયદા માટે ખરીદાઈ હોય. જેમ કે એઈડ્ઝના દર્દીઓએ જે વીમાપૉલિસી પહેલા કઢાવી હોય તે ઈન્વેસ્ટરો ખરીદી લે. બદલામાં એઈડ્ઝના દર્દીને એક રકમ સારવાર માટે આપી દે. દર્દી મૃત્યુ પામે ત્યારે પૉલિસીની રકમ ઈન્વેસ્ટરને મળે. દેખીતું છે કે દર્દી જેટલું વધારે જીવે તેટલો ઈન્વેસ્ટરને ફાયદો ઓછો. વીમા કંપનીઓ, જે મૃતકના સ્વજનોના લાભ માટે ઊભી

થઈ હતી તેની શકલ બજાર આ રીતે બદલાવી નાખે છે અને એક વાર નીતિમત્તાની સીમા ઓળંગાઈ જાય પછી બજાર ક્યાંય અટકતું નથી.

આવાં અનેક ઉદાહરણો આપી, ક્યારેક કઠોર પ્રહાર કરીને તો ક્યારેક હળવા ઈશારાથી લેખક માઈકલ સેન્ડલે સ્પષ્ટ કર્યું છે કે છેલ્લા થોડા દાયકાઓમાં બજારે જે રીતે જીવનને ભરડો લીધો છે તેવું પાછળની સદીઓમાં ક્યારેય નહોતું બન્યું. લેખક સમાજવાદી નથી. માર્કેટિંગની વિરુદ્ધ પણ નથી. માર્કેટિંગની મદદથી ઉત્પાદન-વિતરણનો વ્યાપ અને સમૃદ્ધિ જે રીતે વધી છે તેનો તેમને ખ્યાલ છે. પણ એની જે કિંમત દુનિયા ચૂકવે છે તે તેમને દેખાડવું છે. પહેલા જરૂરિયાતોને લક્ષમાં લઈને ઉત્પાદન થતું. આજે પહેલા ઉત્પાદન થાય છે, પછી ઈચ્છાઓ ઊભી કરાય છે. લેખક કહે છે, 'આ પરિવર્તન ઘણું મોટું અને તેટલું જ જોખમી છે, પણ ખરું જોખમ અમર્યાદ રીતે વધેલા લોભનું નથી, ખરું જોખમ છે બજારના વધતા ગયેલા વ્યાપનું. ખરું જોખમ છે સંબંધો, નાગરિક કર્તવ્યો, માનવીય નિસબત જેવાં, જ્યાં બજાર હોય જ નહીં તેવાં જીવનનાં પાસાંઓ પર પણ માર્કેટિંગની વધતી જતી પકડનું. ત્યારે તેમની સાથે સંમત થયા વિના રહેવાતું નથી.

પણ આ પુસ્તક શબ્દોનો હુમલો કરવા લખાયું નથી. લેખકના વિચારો સ્પષ્ટ છે. એટલી જ સ્પષ્ટ તેમની દલીલોની દિશા છે. ખૂબ બધાં ઉદાહરણો સાથે તેઓ ધીરે ધીરે આગળ વધે છે અને અંતે આપણને પહેલા કદી નહોતું દેખાયું તેટલું ચોખ્ખું દેખાય છે કે આપણે કેટલા મૂલ્યહીન વિશ્વમાં જીવી રહ્યા છીએ અને બજારે આપણી જિંદગીની અંદર કેવાં મજબૂત મૂળિયાં નાખી દીધાં છે.

અર્થશાસ્ત્રની વાત કરતાં તેઓ 'અર્થશાસ્ત્ર મૂલ્યોથી પર, નિષ્પક્ષ ને ઉપયોગિતાનિર્ભર છે, ધનનો પ્રવાહ વહેતો રહે તે અર્થશાસ્ત્ર માટે પ્રોત્સાહક ઘટના છે, માનવવર્તન પર તેનો શો પ્રભાવ પડે છે તેની સાથે અર્થશાસ્ત્રને સંબંધ નથી' તેવા પ્રચલિત સિદ્ધાંતનું ખંડન કરે છે. તેઓ ભારપૂર્વક કહે છે કે બજાર દેખાય છે તેવું નિષ્પક્ષ કદી હોતું નથી. આજે અન્યાય અને ભ્રષ્ટાચારથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર ખદબદે છે, તેની પાછળ બજાર જ છે. લોકશાહીમાં પૂર્ણ સમાનતા નહીં હોય તો ચાલશે, પણ તેમાં નાગરિકોના જીવન સમધારણ હોવા જોઈએ. બજાર જુદી જુદી પશ્ચાદ્ભૂમિકાવાળા, જુદી જુદી સામાજિક સ્થિતિવાળા નાગરિકોને એકબીજાની વિરુદ્ધ ખડા કરી દે છે અને જ્યારે એક જ દેશના નાગરિકોનાં હિતો એકબીજા પર ચડી જવા લાગે ત્યારે લોકશાહી શબ્દ પોતાનો અર્થ ગુમાવી દે છે.

અંતે તેઓ કહે છે, બજારની સમસ્યા મૂળભૂત રીતે એ સમસ્યા છે કે આખરે આપણે કેવી રીતે જીવવું છે. બજારની સીમાઓને સમજીને આપણે વિચારી લેવાનું છે. આપણે એવો સમાજ ઈચ્છીએ છીએ જ્યાં બધું ખરીદી વેચી શકાતું હોય - જ્યાં લાભાલાભ અને ગણતરીઓ જ સર્વસ્વ હોય? કે પછી આપણે એવો સમાજ જોઈએ છે જેના પાયામાં એવાં ચોક્કસ મૂલ્યો અને કર્તવ્યો હોય જેને પૈસા કદી ખરીદી ન શકે? આ પ્રશ્ન સાથે તેઓ પુસ્તકનું સમાપન કરે છે. નક્કી આપણે જ કરવાનું છે.

## ● હળવાશથી ●

પહેલાં હું ચોખવટ કરી દઉં કે હું અસલી દેશપ્રેમી છું. મારા દેશપ્રેમ પર કોઈએ શક કરવો નહિ. હું દિવસમાં ચાર વખત ભારતમાતાની જય અચૂક બોલું છું.

જ્યારથી જૂની નોટ બદલવાની લાંબી લાઈનો પર મા. વડાપ્રધાનશ્રીએ કહ્યું કે લાઈનમાં ઊભેલા લોકો ગોટાળાબાજ છે ત્યારથી મેં મારા પાસે રહેલી દસ ૫૦૦ની નોટોને વટાવવાનું માંડી વાળ્યું છે. ભલે કચરામાં જતી. શું હું દેશ માટે એટલો ભોગ ના આપી શકું?

ટીવી પર દેખાડે છે કે કેટલાક 'સેવાભાવી' લોકો લાઈનમાં ઊભેલા લોકોને ચા, પાણી, બિસ્કીટ વહેંચે છે. મારી દૃષ્ટિએ આ બધા દેશદ્રોહી છે. લાઈનમાં ઊભેલાઓને, જે 'ગોટાળાબાજ' હોય તેને વળી 'સેવા' શું આપવાની!

આજે નાણા પ્રધાનશ્રીએ ટીવી પર કહ્યું કે, 'હવે બેંકોનું કામકાજ સામાન્ય થઈ ગયું છે. હવે કોઈ લાઈનો નથી. તેઓ જાતે રોજ બેંકો પર જાય છે.' આ પછી પણ ટીવીવાળા દિવસો સુધી જુદા જુદા શહેરોમાં બેંકો પાસે લાગેલી લાંબી લાઈનો દેખાડ્યા કરે છે. એ બધા પત્રકારો દેશદ્રોહીઓ છે. વિપક્ષોને ચાળે ચડેલા છે.

સરકારશ્રીએ એક વર્ષ અગાઉથી જબ્બરજસ્ત આયોજન કરીને ચોક્કસ કામ કર્યું છે. પહેલા દિવસથી જ એ.ટી.એમ.માં પૂરતા કેશ નહોતા તે થોડાક મહિનાઓમાં ચોક્કસ ભરી દેશે. પછીના અઠવાડિયામાં જ એ.ટી.એમ.ને નવી નોટો માટે કેલિબ્રેટ કરવાનું જાહેર કર્યું. આયોજન મુજબ જ થોડાથોડા વખતે નવી છૂટછાટો આપતા ગયા છે. આમ છતાં લોકો તો વાંકદેખા જ છે. એમને તો બસ વિરોધ જ કરવો છે.

સૌથી સારી વાત એ થઈ કે પૈસા ન હોવાને કારણે લોકોએ ખર્ચા કરવાના બંધ કરી દીધા. સહજપણે સાદાઈની કિંમત સમજાઈ. થોડામાં રાજી રહેતા શીખવાનું મળ્યું.

૧૦% કાળાબજારીયાઓને ઝડપવા માટે દેશના ૯૦% લોકોને ઝપટમાં લઈ લીધા. દેશના લોકોએ બતાવી આપ્યું છે કે આ મુશ્કેલીની ઘડીમાં દેશ વડાપ્રધાનની સાથે જ છે. અમસ્તીયે પ્રજા વર્ષોથી સહન કરતી જ આવી છે. થોડુંક વધારે. દેશદ્રોહીઓ પૂછ્યા કરે છે કે કાળા બજારીયા અબજોપતિ ઉદ્યોગપતિઓનું શું થયું? આવા વાહિયાત પ્રશ્નો શું કામ પૂછતા હશે?

બીજું એક મોટું કામ આ સરકારે કર્યું. બેંકોની એન.પી.એ. છ લાખ કરોડ થઈ ગયેલી. એની ચિંતા બાજુએ મૂકીને બેંકોને કહી દીધું કે લોનો વહેંચવાનું શરૂ કરી દો. દેશનો વિકાસ તો કરવાનો જ છે. બોલો, આવી તાકાત અગાઉની કોઈ સરકારમાં જોઈ છે?

મને સાલી એક વાત સમજાતી નથી. કેમ કોઈ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર, સરકારી અધિકારી, કોર્પોરેટર, ધારાસભ્ય કે લોકસભાના મેમ્બર લાઈનમાં દેખાતા નથી? શું એમની પાસે એકેય ૫૦૦ કે ૧૦૦૦ની નોટો નહીં હોય? શું એ બધા પણ મારી જેમ જ દેશપ્રેમી છે? મારુ બેટું એ તો આજે જ ખબર પડી.

ભલે હું [illegible]

## ● પ્રતિભાવ ●

- **લેખકોને વિનંતી :** જ્યારે પણ લેખ મોકલો, કાગળ પર કે ઈન્ટરનેટ પર, ત્યારે લેખમાં તમારું નામ, સરનામું અચુક લખો. ઘણા લેખો એવા આવે છે જેના કવર કાઢી નાખ્યા પછી ખ્યાલ આવે છે કે લેખકે પોતાનું નામ તો લખ્યું જ નથી. ઉપરાંત એ પણ લખો કે તમે વિચારવલોણુંના સભ્ય છો કે નહીં. જેથી તમારો લેખ સ્વીકારાયા બાદ તમને એ અંક મોકલી શકીએ. એ વખતે જો તમારું ઈ-મેઈલ એડ્રેસ લખેલું હોય તો અંકની PDF ફાઈલ મોકલવી સહેલી પડે.
- પુસ્તિકા 'કળાનો આસ્વાદ' પુસ્તિકા મળી. અદ્ભુત. તમે તો ગાગરમાં સાગરને સમાવ્યો. અભિનંદન. (નિરંજન શાહ, અમદાવાદ.)
- નવી પુસ્તિકા મળી એટલે થયું કે તમારી સાથે વાત કરી લઉં. બહુ સરસ કામ થયું છે. તમારી પ્રસ્તાવના બહુ ગમી. કળાને માટે આ દૃષ્ટિકોણ મહત્વનો છે. ભરતભાઈના લેખમાં 'અંધાયુગ'ના વિવેચનમાં મહાભારત સમયની ગાંધીયુગના સંદર્ભે થયેલી તુલના ગમી. (વીરેન્દ્ર શાહ, વલસાડ.)
- તમારી આ પુસ્તિકા સરસ થઈ. ખાસ તો તમારી પ્રસ્તાવના વાંચવી ગમી. આવા સરસ પુસ્તકો આપના માટે તમારો આભાર. (રસીલાબેન કડીયા, અમદાવાદ)
- **તમને જાણવું ગમશે.**
  અમદાવાદમાં કેટલાક મિત્રો 'આસ્વાદ' નામે એક અનૌપચારિક સંસ્થાના નેજા હેઠળ દર મહિનાના બીજા રવિવારે સવારે ૧૦.૦૦ વાગે ATMA ના મકાનના એક ખંડમાં મળે છે. તેમાં કોઈ કળાકાર પોતાની કળા વિષે એક કલાક બોલે. ત્યારબાદ એક કલાક એ કળાકાર સાથે સંવાદ થાય. (સંપર્ક : **નિરંજન શાહ. મો. ૯૯૨૪૨ ૪૮૮૨૮**)

---

(પાના નં. ૪૧નું અનુસંધાન)

વિજ્ઞાનીઓ અને બુદ્ધિજીવીઓને વાસ્તવિક જગતથી દૂર રાખતી વર્તણૂંકો તરત બદલાશે. મને એમ પણ નથી લાગતું કે નજીકના ભવિષ્યમાં આપણે વિજ્ઞાનીઓ અને શિક્ષણશાસ્ત્રીઓને એવો પગાર કે સગવડો આપી શકીશું જેવું આપણે વહીવટકારોને આપીએ છીએ. પણ મારું એક સ્વપ્ન છે, એક પરિકલ્પના કહો. આપણે એવા લોકોને પ્રોત્સાહન આપી શકીએ જે પોતાના રોજિંદા કામ કરતા કરતા વાસ્તવિક જગતના નાના કે મોટા કામો કરવાની જવાબદારી ઉપાડે. ઉપરાંત આપણે એવું નક્કી કરી શકીએ કે કોઈ ચોક્કસ કામ, એના સ્પષ્ટ ઉદ્દેશ સાથે, ચોક્કસ સમય મર્યાદામાં પુરા થાય તેને યોગ્ય આર્થિક વળતર મળે, જે સમગ્ર પરિસ્થિતિ સુધારવામાં મદદરૂપ થાય.

**ડૉ. વિક્રમ સારાભાઈ**

('માનવીય મૂલ્યો અને વિજ્ઞાનમાં નેતૃત્વ' પર ૧૯૬૫માં આપેલા રેડિયો પ્રવચનનો અંશ)

## આપણી વાત

જો તમે નિયમિત 'વિચારવલોણું' વાંચતા હો, જો તમને એ ગમતું હોય, જો તમને એમ લાગતું હોય કે આ પ્રવૃત્તિ માત્ર પૈસાને કારણે બંધ ના પડવી જોઈએ તો તમે નીચેનાં કામોમાંથી તમને યોગ્ય લાગે તે કરી શકો.

- તમારું ત્રણ કે પાંચ વર્ષનું કે કાયમી લવાજમ સમયસર ભરી દો.
- તમે કમસે કમ બે નવા મિત્રોને તૈયાર કરો, જે લવાજમ ભરીને ગ્રાહક બને.
- તમે એવી થોડીક વ્યક્તિઓ કે સંસ્થાઓ પસંદ કરો, જેમને તમારા મતે 'આપણું વિચારવલોણું' મળવું જોઈએ. તમે એમનું ત્રણ કે પાંચ વર્ષનું લવાજમ ભેટમાં આપી શકો.
- તમે નાની-મોટી રકમ અમને દાન તરીકે અથવા વ્યાજમુક્ત લોન તરીકે આપો. જેનું વ્યાજ અમે રાખીએ પણ મૂળ રકમ તમારી જ રહે. તમે માગો ત્યારે તે રકમ તમને પાછી મળી જાય.
- સારા-માઠા પ્રસંગે અમારી પુસ્તિકાઓ ખરીદીને ભેટ આપો.
- અમારો કોઈ અંક કે પુસ્તિકાને માટે રૂ. ૧૫,૦૦૦ આપીને સ્પોન્સર કરી શકો.
- તમને ગમેલી અમારી પુસ્તિકાઓને જાતે છાપવાને બદલે અમારી પાસેથી ખરીદો. એ નાની આવક અમને ટકી રહેવાનું બળ આપે છે.
  આશા છે કે આ બાબતો પર વિચાર કરીને આપ ઘટતું કરશો.
  તમારાં સૂચનો આવકાર્ય છે.
- **હવે આપણને ઈન્કમટેક્ષમાં રાહત આપવા માટે "80G" સર્ટિફિકેટ આપવાની મંજૂરી મળી ગયેલ છે, જે સૌની જાણ સારુ.**

**- ટ્રસ્ટીઓ અને સંપાદકો : વિચારવલોણું પરિવાર**

---

### માનવીય મૂલ્યો અને વિજ્ઞાનમાં નેતૃત્વ

આપણા અનુભવ દ્વારા આપણે જાણીએ છીએ કે પોતાના વિશેષ ક્ષેત્રમાં કામ કરતા લોકોને મળતી સગવડતાઓ અન્ય દેશોની સરખામણીએ જરાય મેળ નથી ખાતી. અમારામાંના કેટલાક નિરાશ થાય છે. કેટલાક દેશ છોડીને જતા રહે છે. પણ જે કેટલાક સમાજના અને દેશના પ્રશ્નોમાં પોતાની આંતરદષ્ટિથી કામ કરે છે તેને કાર્યો કરવા માટે વિશાળ તકો દેખાય છે. ત્યાં ભલે પરિણામ મોડા આવે પણ પ્રયત્નો અચૂક સફળ થાય છે.

આપણે એવા નેતાઓને તકો આપવા માટે શું કરવું જોઈએ? મને નથી લાગતું કે

(અનુસંધાન માટે જુઓ પાના નં. ૪૦)

## • કાંકરીચાળો •

દીપીકા પાદુકોણે, બ્રુક શીલ્ડ્સ જેની અભિનેત્રીઓ, ન્યુટન, ચાર્લ્સ ડાર્વિન જેવા વૈજ્ઞાનિકો કે અબ્રાહમ લિંકન જેવા મહાનુભાવો - આ બધામાં તમને કોઈ સામાન્ય બાબત મળી આવે? જાણીને આશ્ચર્ય થશે કે આ બધા પોતાના જીવન દરમિયાન એક યા બીજા પ્રકારની માનસિક સમસ્યા કે મનોરોગ - (Mental Disorder) ના ભોગ બનેલ. આપણી આસપાસ નજર નાખતા પણ કોઈ ને કોઈ મનોરોગી ચોક્કસ મળી આવશે.

માનસિક રોગો, જેવા કે schizophrenia, anxiety disorder, dementia, autism, obsessive compulsive disorder, depression વગેરે આજના તેજ રફતાર જમાનાની વકરતી સમસ્યાઓ છે. એનો ભોગ બનતી વ્યક્તિના જીવનમાંથી રસકસ ચૂસાઈ જાય છે. નજીકના સંબંધીઓ માટે આવી વ્યક્તિની સાર સંભાળ અત્યંત મુશ્કેલ અને કસોટીરૂપ બની જાય છે. અને એની ફરી સ્વસ્થ થવાની શક્યતા નિષ્ણાત દ્વારા અપાતી સારવાર પછી પણ ધૂંધળી જ હોય છે એવું દેખાય છે. નવાઈ એ વાતની છે કે માનસિક સમસ્યાઓની શક્યતા સામે પાળ બાંધવાની બાબતે આપણે પૂરતી જાગૃતિ દાખવતા નથી.

શું આગળ વર્ણવી તેવી માનસિક સમસ્યાઓને આકસ્મિક આપત્તિ તરીકે સ્વીકારી જ લેવાની કે માનસિક સ્વાસ્થ્યની જાળવણી માટે કોઈ હકારાત્મક પ્રયત્નોને અવકાશ ખરો? ઠીક ઠીક વિકસેલા મનોચિકિત્સાશાસ્ત્રની જરૂર પડે મદદ જરૂર લઈએ પણ આ સમસ્યાઓના જન્મનાં કારણો, વધુ સારી રીતે કહીએ તો એના ઉદ્ભવની પ્રક્રિયા સમજવાની જરૂર ખરી કે નહિ જેથી એને મૂળમાંથી જ ડામી શકાય?

યાદ રહે કે માનવમગજ જેવા સુપર કોમ્પ્યુટરની જાળવણી કોઈ નાનીસૂની કે સાદીસીધી વાત નથી. ગર્ભાવસ્થાથી માંડીને દેહાંત સુધી માનવમગજને જેવા આઘાતોમાંથી પસાર થવું પડે છે, સામાન્ય માનસિક ગતિવિધિઓ એના કારણે જે રીતે ખોરવાઈ જઈ શકે છે અને એને લીધે વ્યક્તિના સ્વભાવ-વર્તનમાં જે ભયંકર ઉથલપાથલ સર્જાઈ શકે છે એ જોતાં એની જાળવણીનું કેવળ ચિકિત્સાશાસ્ત્રનું ગજું નથી એવું નથી લાગતું? અને તો - ધ્યાન, આધ્યાત્મિકતા, વૈજ્ઞાનિક અભિગમ, માનસશાસ્ત્ર, તત્વજ્ઞાન વગેરેનો આગોતરો અભ્યાસ કે એમાં રસ વ્યક્તિને આ બાબતમાં મદદ કરી શકે? સીધીસાદી વ્યક્તિના ભક્તિ કે ઈશ્વરઆસ્થાના સંસ્કાર એને આમાંથી બચાવી શકે? બાળઉછેર, કૌટુંબિક વાતાવરણ, સામાજિક વ્યવસ્થાઓ વગેરેની મનોસ્વાસ્થ્ય ઉપર કેવી અસર હોઈ શકે?

ચિંતકો લાલબત્તી ધરતા જ આવ્યા છે કે માનવમન તેજગતિ ભૌતિક વિકાસ સાથે તાલ મિલાવવામાં પાછું પડતું દેખાઈ રહ્યું છે અને એને સમયની જરૂરીયાત જેટલું સક્ષમ બનાવવાના ઉપાય મનુષ્યે શોધવા જ પડશે! આવતા અંકના આ મંથનમાં સત્વરે લેખ મોકલીને આપ સૌ સહભાગી થશો એવી આશા સાથે ...

(**નિરંજન શાહ**, ''સ્મૃતિ'', કલ્યાણ સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ-૬. મો. ૯૯૨૪૨૪૮૮૨૮)

## મન, બુદ્ધિ અને ચિત્ત

આપણા શરીરમાં ત્રણ અંગો છે. બુદ્ધિ, મન અને ચિત્ત. આ અંતઃકરણો છે. બુદ્ધિને (મગજને) તો સારી રીતે સમજી શકીએ છીએ. શરીરમાં તેનું નિશ્ચિત સ્થાન પણ છે અને તેનું ચિત્ર કે છબી પણ જોઈ શકીએ છીએ. પણ મન અને ચિત્તને જોઈ શકાતા નથી. તે આભાસી છે પણ તેમ છતાં તેનો અનુભવ તો આપણને છે જ. મન અને ચિત્તની કેવી રીતે જુદા પાડશું? માનસશાસ્ત્રી મનના ત્રણ ભાગ પાડે છે. ચેતન મન, અર્ધ ચેતન મન અને સુષુપ્ત મન. ચેતન મન રોજબરોજના કાર્યોમાં કામ કરે છે. કોમ્પ્યુટરની ભાષામાં RAM. અર્ધ ચેતન મન જરૂર પડે ત્યારે ચેતન મનની મદદમાં આવે છે. સુષુપ્ત મનમાં આપણા દૂરના ભૂતકાળની (માનસશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે માનવ જાતની) વર્ષો જૂની સ્મૃતિ સંઘરાયેલી પડેલી છે જે તક મળતા ક્યારેક ઊભરી આવે છે. (Hard Disc). આ અર્ધચેતન મન અને સુષુપ્ત મન એ આપણું ચિત્ત. જેના પર ચેતન મનના મોજાં ઊઠ્યાં કરે. પણ ચિત્ત મહદ્અંશે શાંત રહે. મનનું ભટકવાનું ઓછું થાય તો ચિત્તનો ખળભળાટ શાંત રહે. મનનો સ્વભાવ ચંચળ છે. તે સતત ગતિશીલ રહે છે. ચિત્ત સ્થિર રહે છે. તે અશાંત કે ક્ષુબ્ધ હોઈ શકે.

વિવેકાનંદના કહેવા પ્રમાણે (પુસ્તિકા 'ધ્યાન અને તેની પદ્ધતિ') 'સરોવરનું પાણી જો ડહોળું હોય અથવા બધો વખત ખળભળેલું જ રહેતું હોય તો તળીયું દેખાશે જ નહીં. જો પાણી સ્વચ્છ હોય અને તેમાં તરંગો ન હોય તો જ આપણે તળિયું જોઈ શકશું. સરોવરના તળિયારૂપ આપણો આત્મા સમજો, સરોવર એટલે ચિત્ત સમજો અને તેમાં ઊઠતા તરંગો એટલે મનની વૃત્તિઓ સમજો.'

બુદ્ધિ મનને ટપારે છે. સારા-ખોટાની સમજ આપે છે. મન એનું કહ્યું માને જે એવું જરૂરી નથી. યોગ દ્વારા મનની ગતિ નિયંત્રિત કરવાની છે. વાંચન, સત્સંગ દ્વારા બુદ્ધિને સારા-ખોટાનો વિવેક સમજાવવાનો છે. ચિત્તમાં આ બધું સંઘરાયા કરે છે. મન અને બુદ્ધિની કેળવણી દ્વારા ચિત્તને શાંત-સ્થિર કરવાનું છે અને તેમાં સંઘરાયેલી ખોટી, બિનજરૂરી માહિતીને સતત સાફ કરતા રહેવાની છે.